પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૪ • કુલ પાના : ૪ • તારીખ : ૧૮-૦૩-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસનું ધ્યાન હવે લોકસભા ચુંટણી પર, પ્રિયંકાએ બેઠક કરી

# જનતાના મુદ્દા પર સંઘર્ષ અને લોકસભા ચુંટણીની જમીની સ્તરની રણનીતિ અત્યારથી તૈયાર કરાશે

લખનૌ,

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણી ૨૦૨૨ના પરિણામ ૧૦ માર્ચે જાહેર કરવામાં આવ્યા હતાં. ભાજપ ફરી સત્તામાં આવી છે.કોંગ્રેસને ફકત બે બેઠકો મળી છે.કોંગ્રેસે યુપીમાં પોતાની ગુમાવેલી રાજનીતિ જમીનને શોધવાનો પ્રયાસ કર્યો પરંતુ સફળ થઈ નહીં.

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણી ૨૦૨૨ના પરિણામોને લઈ કોંગ્રેસના પ્રદર્શન અને ભવિષ્યની રણનીતિને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધીએ ઉત્તરપ્રદેશના વરિષ્ઠ નેતા અને પદાધિકારીઓથી વિસ્તૃત ચર્ચા કરી હતી. સમીક્ષા બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે આ પરિણામ



જયાં એક તરફ કોંગ્રેસને પોતાની રણનીતિ પરિવર્તન કરવાની તરફ ઈશારો કરે છે ત્યાં બીજીતરફ ખુબ સારી રીતે આગળનો માર્ગ તૈયાર કરવાનું પણ તક આપે છે તમામે મળી ચુંટણી પરિણામથી જોડાયેલ પાસા પર ગંભીરતાથી ચિંતન કર્યુ.

બેઠકમાં સંગઠનાત્મક પરિવર્તન,કાર્યકર્તાઓથી સંવાદ દ્વારા ફીડબેંક પ્રણાલી ઉભી કરવા અને કોંગ્રેસના એજન્ડાને જનતા સુધી વધુ સારી રીતે પહોંચાડવા પર વિસ્તારથી ચર્ચા થઈ બેઠકમાં બધાએ મળીને મત વ્યકત કર્યો કે કોંગ્રેસ પાર્ટીને સંગઠનમાં જરૂરી પરિવર્તન કરતા તાકિદે લોકસભા ચુંટણીની તૈયારીમાં લાગી જવું પડશે વર્તમાન પરિણામોથી પાઠ શિખતા આપણે જનતાના મુદા પર સંઘર્ષ અને લોકસભા ચુંટણીની જમીની સ્તરની રણનીતિ અત્યારથી તૈયાર કરવી પડશે.

એ યાદ રહે કે ૧૦ માર્ચે વિધાનસભા ચુંટણીના પરિણામ જારી થયા બાદ પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરી કહ્યું હતું કે લોકતંત્રમાં જનતાનો મત સર્વોપરિ છે અમારા કાર્યકર્તાઓ અને નેતાઓએ મહેનત કરી સંગઠન બનાવ્યું જનતાના મુદા પર સંઘર્ષ કર્યું પરંતુ અમે અમારી મહેનતને મતમાં ફેરવી શકયા નહીં કોંગ્રેસ પાર્ટી સકારાત્મક એજન્ડા પર ચાલી યુપીના વિકાસ અને જનતાની ભલાઈ માટે સંઘર્ષશીલ વિરોધ પક્ષનું કર્તવ્ય પુરી જવાબદારીની સાથે નિભાવીશું.

એ યાદ રહે કે કોંગ્રેસની યુપીમાં સખ્ત હાર બાદ પ્રદેશ અધ્યક્ષ અજયકુમાર લલ્લુએ પોતાના પદેથી રાજીનામુ આપી દીધું છે.તેમણે કહ્યું કે વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસ પાર્ટીની હારની નૈતિક જવાબદારી લેતા ઉત્તરપ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી રહ્યો છું મારા જેવા સામાન્ય કાર્યકર્તા પર વિશ્વાસ વ્યકત કરવા માટે હાઈકમાન્ડનો આભાર. કાર્યકર્તા તરીકે સામાન્ય વ્યક્તિના અધિકારોની લડાઈ લડતા રહીશું.

# મુંદ્રા પોર્ટ પરથી લાલચંદનનો ૧૧ ટનથી વધુનો જથ્થો ઝડપાયો

ભુજ,

કચ્છના મુંદ્રા પોર્ટનાં અદાણી બંદર વિસ્તારમાંથી મોટી માત્રામાં પ્રતિબંધિત લાલચંદનનો જથ્થો પકડાયો છે. ડીઆરઆઈએ દરોડો પાડીને અંદાજીત અંદાજિત ૫.૮૫ કરોડની કિંમતનું ૧૧.૭ ટન રકતચંદન પકડી પાડ્યું છે. રક્તચંદનનો આ જથ્થો નોએડાથી રેલ્વે માર્ગે મુંદ્રા સુધી લાવવામાં આવ્યો હતો.



મળતી માહિતી અનુસાર, ડીઆરઆઈ ટીમને અત્યંત ગુપ્ત બાતમી મળી હતી કે મુન્દ્રા પોર્ટ પરથી રકત ચંદનનો મસમોટો જથ્થો કન્ટેનરમાં જવાનો છે. માહિતીના આધારે ડીઆરઆઈની ટીમે મુન્દ્રા પોર્ટ પર સઘન ચેંકીંગ હાથ ધર્યું હતું. દરમ્યાનમાં કેન્ટેનરમાંથી ૧૧ ટનથી વધુ રક્ત ચંદનનો જથ્થો મળી આવ્યો હતો. ડીઆરઆઈએ સૌરાષ્ટ્ર સીએફએસમાં કન્ટેનર લાવી તપાસ કરતા પ્રતિબંધીત ચંદનનો જથ્થો ઝડપ્યો હતો. ચંદનની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ૫ કરોડથી વધુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ડીઆરઆઈ દ્વારા જપ્ત કરાયેલ રક્ત ચંદનનું વજન કરતા તે ૧૧.૭ ટન જેટલો જથ્થો હોવાનું ખૂલ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજાર કિંમતો અનુસાર ૫.૮૫ કરોડ જેટલી કિંમત આ જથ્થાની થવા જાય છે, જેને સીઝ કરીને તપાસ હાથ ધરાઈ હતી. આ જથ્થો નોઈડથી આવ્યો હતો અને મલેશિયા માટે એકસપોર્ટ થવાનો હતો, પરંતુ તેવું થાય તે પહેલાં જ ડીઆરઆઈએ તેને ઝડપી લીધો હતો. આ જથ્થો કોણે મોકલ્યો હતો તેની તપાસ હાથ ધરી છે.

ગુપ્ત માહિતીના આધારે દુબઈમાં નિકાસ કરવા અર્થે પોર્ટ પર આવેલા એક કન્ટેનરની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચોખાના જથ્થા સાથે છૂપાવાયેલા રક્ત ચંદનનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ કન્ટેનર લુધિયાણાથી દુબઈ જતું હોવાનું સામે આવ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન મુંદ્રા પોર્ટ પરથી ૩ હજાર કિલો રક્ત ચંદનનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો. ભારતના દક્ષિણી પૂર્વી ઘાટમાં લાલ ચંદનના વૃક્ષો મોટી માત્રામાં આવેલા છે. આ વૃક્ષોને કાપવા અને તેના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. પણ ચીનમાં આ રક્તચંદનનું સાંસ્કૃતિક મહત્વ હોવાથી આ લાકડું ભારતમાંથી ગેરકાયદે વિદેશમાં પહોંચાડવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના દક્ષિણી પૂર્વી ઘાટમાં આ લાલ ચંદનના વૃક્ષો મોટી માત્રામાં આવેલા છે. આ વૃક્ષોને કાપવા અને તેના વેંચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવેલુંછે. પણ ચીનમાં આ રકતચંદનનું સાંસ્કૃતિક મહત્વ હોતાં ભારતમાંથી ગેરકાયદેસર રીતે આ લાકડુ ચીન મોકલવામાં આવે છે.

# એશિયાના ઘણા દેશોમાં કોરોનાના કેસ ઝડપથી વધી શકે છે : WHO

નવીદિલ્હી,

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. જો કે, છેલ્લા કેટલાક અઠવાડિયાથી, કોરોનાના કેસ સતત ઘટી રહ્યા છે, જેના કારણે તમામ દેશોને મોટી રાહત મળી છે. પરંતુ હવે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ડબ્લ્યુએચઓ દ્વારા મોટી ચેતવણી આપવામાં આવી છે.ડબ્લ્યુએચઓએ વિશ્વભરના દેશોને ચેતવણી આપતા કહ્યું છે કે આવનારા દિવસોમાં કોરોના કેસમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે.

ડબ્લ્યુએચઓએ કહ્યું છે કે વિશ્વભરમાં કોરોનાના કેસ અચાનક વધી શકે છે. તેનું કારણ એ છે કે કોરોનાનું ટેસ્ટિંગ સતત ઘટી રહ્યું છે અને છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. આ સિવાય ડબ્લ્યુએચઓએ પણ જણાવ્યું છે કે કયા દેશોમાં સૌથી વધુ કેસ આવી શકે છે. ડબ્લ્યુએચઓ અનુસાર, એશિયાના ઘણા દેશોમાં કોરોનાના કેસ ઝડપથી વધી શકે છે. જે કેટલાક દેશોમાં વધવા લાગ્યો છે.

ડબ્લ્યુએચઓની ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ચીનમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. ચીનમાં કોરોનાએ ફરી એકવાર બધાને પરેશાન કરી દીધા છે, જેના કારણે ઘણા વિસ્તારોમાં લોકડાઉન પણ લાગુ કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય વિસ્તારોમાં કડકાઈ કરવામાં આવી રહી છે. અહીં ઓમિક્રોન સબ-વેરિઅન્ટ **BA.2** ના કેસ નોંધાઈ રહ્યા છે. જો કે તેને જીવલેણ માનવામાં આવતું નથી, પરંતુ તે ઝડપથી ફેલાઈ રહ્યું છે. ચીન સિવાય અન્ય કેટલાક દેશોમાં પણ કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે.

કોરોનાના અલગ-અલગ વેરિએન્ટે દુનિયાને પરેશાન કરી છે, ઓમિક્રોન પછી હવે એક નવું વેરિએન્ટ પણ સામે આવ્યું છે. જે ચિંતા વધારવાનું કામ કર્યુ છે. ઈઝરાયેલમાં આ પ્રકારના બે કેસ નોંધાયા છે. જણાવવામાં આવ્યું છે કે કોરોનાનું આ નવું વેરિઅન્ટ કોવિડ-૧૯, મ્છ.૧ અને મ્છ.૨ના સબ-વેરિઅન્ટથી બનેલું છે. હાલમાં, આ વેરિઅન્ટ વિશે વધુ માહિતી સામે આવી નથી, પરંતુ ઈઝરાયલે કહ્યું છે કે તે વધુ જોખમી નથી.

વિશ્વના તમામ દેશોમાં કોરોનાની સ્થિતિને જોતા ભારતમાં પણ તેને લઈને એલર્ટ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે જૂન સુધીમાં ભારતમાં ત્રીજા મોજાની અસર જોવા મળી શકે છે. એટલા માટે આરોગ્ય મંત્રાલય કોરોનાને લઈને સતત બેઠકો કરી રહ્યું છે. આ સાથે અધિકારીઓને કોરોનાની સ્થિતિ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે. જો કે, હાલમાં દેશમાં કોરોનાના કેસ સતત ઘટી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અને તેના પર લગાવવામાં આવેલા નિયંત્રણો પણ લગભગ હટાવી દેવામાં આવ્યા છે.

# ભાવવધારાની ધારણાએ ૧-૧૫ માર્ચ વચ્ચે પેટ્રોલ-ડીઝલનું વેચાણ નોંધપાત્ર વધ્યું

નવીદિલ્હી,

માર્ચ મહિનાના પ્રથમ ૧૫ દિવસમાં દેશમાં પેટ્રોલ-ડીઝલનાં વેચાણમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો અને વેચાણ કોરોનાકાળ પહેલાના સ્તરે પહોંચી ગયું હતું. કારણ કે વિધાનસભાની ચૂંટણી પૂરી થતાં જ સંભવિત ભાવ વધારાની ધારણાએ ગ્રાહકો અને ડીલરોએ રૂટિન કરતાં વધુ સ્ટોક કરી લીધો હતો. ૧-૧૫ માર્ચ દરમિયાન સરકાર સંચાલિત ત્રણ ઓઈલ કંપનીઓનું વેચાણ ૧૨.૩ લાખ ટન થઈ ગયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં વેચાણ કરતાં લગભગ ૧૮ ટકાનો વધારો દર્શાવે છે અને ૨૦૧૯ના આ સમયગાળા કરતાં ૨૪.૪ ટકા વધુ હતું. ડીઝલનું વેચાણ ૧-૧૫ માર્ચ દરમિયાન વાર્ષિક ધોરણે ૨૩.૭ ટકા વધીને ૩૫.૩ લાખ ટન




થયું હતું. તે ૨૦૧૯ના વેચાણ કરતાં ૧૭.૩ ટકા વધુ હતું. પેટ્રોલનું વેચાણ વાર્ષિક ધોરણે ૨૪.૩ ટકા વધ્યું હતું, જ્યારે ડીઝલનું વેચાણ આ ગાળામાં ૩૩.૫ ટકા વધ્યું હતું. અગાઉના મહિના ફેબ્રુઆરીના આ ગાળાની સરખામણીમાં પેટ્રોલનું વેચાણ ૧૮.૮ ટકા અને ડીઝલનું વેચાણ ૩૨.૮ ટકા વધ્યું હતું. પેટ્રોલિયમ પ્રધાન હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે ઈંધણના ભાવમાં નજીકના ગાળામાં વધારો થવાની ગણતરીથી લોકોએ રૂટિન કરતાં વધારે સ્ટોક કર્યો હતો. ક્રૂડ ઓઈલનો ભાવ બેરલદીઠ ૮૧ ડોલર થી વધીને ૧૩૦ ડોલર પ્રતિ બેરલ થવા છતાં રેકોર્ડ ૧૩૨-દિવસ સુધી કોઈ ભાવવધારો સ્થાનિક બજારમાં થયો ન હતો.

પુરીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કરેલા નિવેદનના સંદર્ભમાં કહ્યું હતું કે '૫મી માર્ચે એક રાજકીય નેતાએ નિવેદન આપ્યું હતું કે, તમારી ટેંક ઝડપથી ભરો કારણ કે ચૂંટણીઓ પૂરી થઈ છે અને હવે પેટ્રોલના ભાવ વધવાના છે. વપરાશમાં ૨૦ ટકાનો વધારો થયો છે.' પુરીએ કહ્યું કે આ નિવેદન એક નિવેદનથી ૨૦ ટકા સંગ્રહ થઈ ગયો તે શરમજનક છે. ૫ માર્ચે રાહુલે લોકોને ટેંક ભરાવી લેવાની તાકીદ કરીને કહ્યું હતું કે 'ચૂંટણી ઓફર' ટૂંક સમયમાં સમાપ્ત થઈ જશે.

# પાક. ની વધુ એક નાપાક હરકત, કચ્છમાંથી ૨ પાકિસ્તાની બોટ બીએસએફે ઝડપી

ભુજ,

કચ્છ બોર્ડરના સીરક્રિક વિસ્તારમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સે શુક્રવારે મોડી સાંજે બે પાકિસ્તાની બોટ ઝડપી પાડી છે. ૧૬ માર્ચે સાંજે સાડા ચાર વાગ્યે બીએસએફની પેટ્રોલ પાર્ટીએ ઘૂસણખોરી થયાનું જોયું હતું. બીએસએફ મુજબ ૪થી ૫ માછીમારો બોટ્સ પર હતા. બીએસએફ ટુકડીની શંકાસ્પદ હિલચાલ બાદ ઘટનાસ્થળે પહોંચી હતી. જો કે આના પહેલા જ પાકિસ્તાની માછીમારો બોટ્સ છોડીને ભાગી ગયા હતા.

પાકિસ્તાની બોટ્સ ભારતીય ક્ષેત્રમાં દોઢ કિલોમીટર અંદર ઝડપાય હતી. બીએસએફે એક નિવેદનમાં જણાવ્યું છે કે શુક્રવારે સાંજે બીએસએફની પેટ્રોલ પાર્ટીએ સીરક્રિક નજીક લખપતવવારી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન કેટલાક પાકિસ્તાનીઓ સાથેની બોટ જોઈ હતી. આ શંકાસ્પદ બોટને જોતા બીએસએફની પેટ્રોલ પાર્ટી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બોટને જપ્ત કરી હતી. જો કે પાકિસ્તાની બોટ પરના પાકિસ્તાની માછીમારો ક્ષેત્રની દુર્ગમ સ્થિતિનો ફાયદો લઈને પાકિસ્તાની ક્ષેત્રમાં ભાગી છૂટયા હતા.

બીએસએફે ઝડપેલી બોટમાંથી ફિશિંગ નેટ, ફિશિંગ ઈક્વીપમેન્ટ, ખાદ્ય સામગ્રી અને પીવાનું પાણી મળી આવ્યું હતું. બોટ્સ ઝડપાયા બાદ મ્જીહ્લ દ્વારા અહીં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ સર્ચ ઓપરેશનમાં કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી આવી નથી.

આ અંગે બીએસએફ ગુજરાત ફ્રન્ટિયરે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે, “બીએસએફે એક પાકિસ્તાની માછીમારને પકડ્યો અને બે પાકિસ્તાની માછીમારી બોટ જપ્ત કરી, બાકીના પાકિસ્તાની માછીમારો સિરક્રીક વિસ્તારમાં કાદવ અને ભેજવાળા વિસ્તારનો લાભ લઈને પાકિસ્તાનના વિસ્તારમાં ભાગી છૂટવામાં સફળ થયા.”

# રાજસ્થાનમાં તાપમાનમાં વધારો, માર્ચમાં જ મે જુન જેવી ગરમી પડવા લાગી



બાડમેર,

રાજસ્થાનમાં ગત બે ત્રણ દિવસોથી અચાનક જ તાપમાન વધવાથી જનજીવન પુરી રીતે પ્રભાવિત થયું છે રાજસ્થાનના સૌથી ગરમ જીલ્લા બાડમેરમાં માર્ચ મહીનામાં જ તાપમાન ૪૨ ડિગ્રી પર પહોંચી ગયું છે. આવામાં અહીંના લોકોને એ વાતની ચિંતા સતાવી રહી છે કે માર્ચના મહીનામાં ગરમીતી આ સ્થિતિ છે તો મે અને જુન મહીનામાં આ વખતે રેગિસ્તાની વિસ્તારમાં ગરમી કંઈ રીતનો તાંડવ મચાવશે

છેલ્લા ત્રણ દિવસથી સતત પારો ૪૦ ડીગ્રીને પાર પહોંચી ગયો છે સ્થિતિ એ છે કે અચાનક ગરમી વધવાથી બાડમેર જીલ્લાના લોકોને બપોરે બહાર નિકળવું મુશ્કેલ બની રહ્યું છે અહીંના લોકોનું કહેવુ છે કે આટલા વર્ષોમાં આવું પહેલીવાર થયું છે કે હોળી પહેલા આ રીતે સૂર્ય દેવતા પોતાનો પ્રકોપ બતાવી રહ્યાં છે. સામાન્ય રીતે બાડમેરમાં એપ્રિલ મહીનામાં પારો ૪૦ને પાર જાય છે પરંતુ આ વખતે તો માર્ચ મહીનામાં જ ગરમીએ પોતાનું કડક વલણ બતાવવાનું શરૂ કર્યું છે.માર્ચમાં જ મે અને જુન જેવી ગરમી અને બફારાનો સિલસિલો શરૂ થઈ ચુકયો છે સ્થાનિક લોકો ગરમીથી બચવા માટે ઠંડા પીણા જુસ શિકંજનો સહારો લઈ રહ્યાં છે અને જરૂરી કામ હોય તો જ બહાર નિકળે છે.બપોરના સમયે માર્ગો સુમસામ બની જાય છે.

# ગુજરાતમાં ૬ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ સામે આવ્યા બાદ સરકાર હરકતમાં

અમદાવાદ,

ગુજરાતમાં તાજેતરમાં ૬૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ સામે આવ્યા બાદ ગુજરાત સરકાર એકાએક એકશનમાં આવી ગઈ છે. સરકારે ગુજરાતના લઘુ ઉદ્યોગો માટે આવતાં કોલસા અંગે નિયંત્રણ કરી રહેલા એમએસએમઈના કમિશનર અને આઈએએસ રણજિત કુમારની બદલી કરી દીધી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોલસા કૌભાંડના મામલામાં આઈએએસ અધિકારી રણજિતકુમાર સામે પ્રથમ દ્રષ્ટિએ બેદરકારીનો કેસ બનતો હોવાથી તેમની બદલી કરી દેવાઈ છે. હવે તેઓ ગુજરાત સરકારના બોર્ડ નિગમોના વાર્ષિક અહેવાલોની જાળવણી કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ આ કૌભાંડને લઈને ઉદ્યોગ વિભાગ તપાસ ચલાવી રહ્યો છે. જેમાં આ મામલે ઉદ્યોગ કમિશનર અને વિભાગમાં કામ કરી ચૂકેલા તમામ અધિકારીઓની તેમાં કોઈ ભૂમિકા હશે તો તેની પણ તપાસ કરવામાં આવશે. તમામ કસૂરવારો સામે આકરાં પગલાં પણ લેવાશે.

સરકારે વર્ષ ૨૦૦૭માં કોલસા અંગે નીતિ બનાવી હતી અને ૨૦૦૮માં તે નીતિને લાગૂ કરી દેવાઈ હતી. જેમાં લઘુ ઉદ્યોગોને સસ્તા ભાવે કોલસો કોલ ઈન્ડિયાના માધ્યમથી આપવાનો હતો. જેમાં દર મહિને વેસ્ટ કોલ ફિલ્ડ અને સાઉથ ઈસ્ટ કોલ ફિલ્ડથી ઓર્ડરના હિસાબે કોલસાનો જથ્થો મોકલાતો હતો. જેને સરકાર લાભાર્થી ઉદ્યોગની યાદી એજન્સી મારફતે મોકલે છે. જેની તમામ માહિતી કોલ ઈન્ડિયાને મોકલવાની હોય છે. જો કે, કોલ ઈન્ડિયાને મોકલાયેલી તમામ માહિતી ખોટી હોવાનું સામે આવ્યું હતું.

મહત્વનું છે કે, ગુજરાતમાં ચાર જેટલી એજન્સી કાર્યરત છે. જેમાં કાઠિયાવાડ કોલ કોક કન્ઝ્યુમર્સ એન્ડ ટ્રેડર્સ એસોસિયેશનને લઈને દાવો કરવામાં આવ્યો હતો કે, આ એજન્સીનું સરનામું ખોટું છે. બાદમાં તપાસમાં માલૂમ પડ્યું કે, કાઠિયાવાડ એજન્સીનુ સરનામું ખોટુ હોવાનું સામે આવ્યું હતું. તેમજ સૌરાષ્ટ્ર બ્રિકવેટિંગના એડ્રેસ પર ટ્રાવેલ એજન્સીની ઓફિસ ચાલી રહી છે.

ગુજરાતના નાના ઉદ્યોગને આપવાનો કોલસો બારોબાર વેચવામાં આવ્યો હતો.આમ છેલ્લા ૧૦ વર્ષમાં રૂ ૬૦૦૦ કરોડનો કોલસો બારોબાર પધરાવી દેવાયો છે. જેમાં ગુજરાતમાં ચાર એજન્સીને કોલસાની ફાળવણીનું કામ અપાયું હતું. જેમાં સાઉથ ગુજરાત ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ, ગુજરાત કોક કોલ ટ્રેડર્સ એન્ડ એસોસીયન,ન્યુ સૌરાષ્ટ બ્રીકેટીંગ એજન્સી, કાઠિયાવાડ કોક એન્ડ કોલ કન્જયુમર્સ ટ્રેડ્સ એસોશીયસ,આ ચારેય એજન્સી અને ઉદ્યોગ વિભાગની મિલીભગતથી કૌભાંડ આચરાયું હતું. જેમાં ગુજરાતમાં નાના ઉદ્યોગને આપવાનો કોલસો મહારાષ્ટ્ર મધ્ય પ્રદેશમાં જતો હતો. તેમજ જે ઉદ્યોગ આઠ કલાકની સિફટમાં ચાલતો હતો તેને ૨૪ કલાક બતાવાતો હતો આ સાથે રોકડ વ્યવહાર અને ખોટા જીએસટી નંબર પર કૌભાડીઓ વહીવટ કરતા હતા

# એકતાનું ઉદાહરણ : હિન્દુ અને મુસ્લિમોએ સાથે મળી ફુલોની હોળી રમી



સુપૌલ,

બિહારના સુપૌલમાં સામાજિક સદ્ભાવનાનો અનોખો હોળી મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.જયાં હજારોની સંખ્યામાં હિન્દુ અને મુસ્લિમ જોડાયા હતાં અને એક બીજા પર ફુલો ફેંકી હોળી મનાવી હતી પુરૂષ અને બાળકોએ આ ખાસ પ્રસંગે હોળીના ગીતો ગાયા હતાં આ કાર્યક્રમને લઈ વૃધ્ધોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેઓ પણ ઢોલ મજીરાની થાપ પર ઝુમી ઉઠયા હતાં સુપૌલમાં દર વર્ષે તેનું આયોજન કરવામાં આવે છે અને તેને વૃધ્ધોની હોળી કહેવામાં આવે છે.

અક્ષયવટ વૃધ્ધ મહાસંઘના અધ્યક્ષ સીતારામ મંડલના અધ્યક્ષતામાં આયોજીત આ કાર્યક્રમનો શુભારંભ નવકાંન્ત ઝા,તનુ પ્રિયા,મુરારી ત્રિપુરારીએ સ્વાગત ગીત થયો હતો.હોળી મિલનમાં અનેક વૃધ્ધ જનપ્રતિનિધિઓ પણ સામેલ થયા ઝંઝારપુર અને સુપૌલ જીલ્લા પરિયોજનના પદાધિકારી જયોતિષકુમાર ઝા રાકેશ ક્ષત્રિયે વૃધ્ધોની સાથે ફુલોની હોળી રમી. આ પ્રસંગ પર સંસ્થાનના રાષ્ટ્રીય નિદેશક ગિરીશચંદ્ર મિશ્રે વૃધ્ધોને સંગઠિત થઈ આગળ વધવાની અપીલ કરી તેમણે કહ્યું કે પોતાની જીવટતા,હુનર અને કાબિલીયતનો ડંકો વગાડી કૌશીના આ વૃધ્ધ કેન્દ્ર અને રાજય સરકાર સુધી પોતાની ઉપલબ્ધિ બતાવી ચુકયા છે.

વૃધ્ધોનું કહેવુ છે કે ૧૦ વર્ષોથી અમારા પૈસા જોડી દર વર્ષે આ સમારોહ કરવામાં આવે છે આખુ વર્ષ તમામ વૃધ્ધ પૈસા એકત્રિત કરે છે કોરોનાને કારણે ગત વખતે હોળી મિલન કાર્યક્રમનું આયોજન કરી શકાયુ ન હતું પંરતુ આ વર્ષે હોળી મિલન સમારોહમાં વિસ્તારના સેંકડો વૃધ્ધ મુસ્લિમ મહિલા પુરૂષ સામેલ થયા હતાં.

# આસામમાં એનકાઉન્ટર : બે બળાત્કારીઓ ઠાર

ગુવાહાટી,

આસામમાં બાળકીઓ પર રેપ કેસના બે જુદા જુદા કેસના આરોપીઓએ કસ્ટડીમાંથી ભાગી પોલીસ સામે ફાયરીગ કરતા પોલીસે બન્ને આરોપીઓનું એકાઉન્ટર કરી નાખ્યું હતું.

આ અંગેની વિગત મુજબ ગુવાહાટીની એક હોટેલમાં ૧૬ ફેબ્રુઆરીએ ૧૫ વર્ષની એક સગીર પર સામુહિક દુષ્કર્મની ઘટના બની હતી, જયારે બીજા કિસ્સામાં ૮ વર્ષની બાળકી પર રેપ કરીને તેની હત્યા કરવામાં આવી હતી.

આ બન્ને આરોપીઓની ધરપકડ કરીને પોલીસ પુછપરછ અને તપાસ કરી રહી હતી. દરમિયાન બન્ને આરોપીઓએ પોલીસ કસ્ટડીમાંથી ભાગીને પોલીસ પર ફાયરીંગ કરવાનો પ્રયાસ કર્યો હતો.

# દિલ્લી મેટ્રોના કર્મચારીનો વર્લ્ડ રેકોર્ડ, ૧૬ કલાકમાં કવર કર્યા ૨૫૪ સ્ટેશનો!

નવીદિલ્લી,


દિલ્લી મેટ્રોએ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કર્યો છે કે, મેટ્રોના કર્મચારી પ્રફુલ સિંહે માત્ર ૧૬ કલાકમાં ૩૪૮ કિલોમીટર કાપીને ૨૫૪ સ્ટેશનો કવર કર્યા છે. પ્રફુલે આ યાત્રે ૨૯ ઓગષ્ટ ૨૦૨૧ના દિવસે શરૂ કરી હતી. દિલ્લી મેટ્રોએ દાવો કર્યો છે કે ડીએમઆરસીના એક કર્મચારીએ દરેક મેટ્રો સ્ટેશનો પર સૌથી ઝડપથી યાત્રા કરવાનો ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બાનાવ્યો છે. પોતાના સોશિયલ મીડિયા હોન્ડલ પર પોસ્ટમાં, દિલ્લી મેટ્રોએ એક મેટ્રો સ્ટેશનના પ્લેટફોર્મ પર ઉભા રહેવા દરમિયાન કર્મચારીનો એક ફોટો શેર કર્યો. જેમાં રેકોર્ડ બનાવવામાં આવ્યો તોનો પત્ર તેના હાથમાં હતો.

ગિનીઝ વર્લ્ડ રેકોર્ડસની વેબસાઈટે પ્રફુલ સિંહની પોસ્ટ શેર કરી જે અંગે પ્રફુલે જણાવ્યું કે, 'હું લાંબા સમયથી દિલ્લી મેટ્રોનો ઉપયોગ કરી રહ્યો છું. જે કારણથી મને દરેક લાઈનો વિશેની જાણકારી છે. મારો પ્લાન હતો કે મારે કયા સ્ટેશન અને લાઈનથી શરૂ કરવાનું છે પૂર્ણ કરવાનું છે જેથી સમયથી પહેલા હું પોતાનો રેકોર્ડ પૂર્ણ કરી શકું.

# ખાનપુર તાલુકાના કારંટા દરગાહ શરીફનો ૬૮૫ મો ઉર્સનો મેળો યોજાશે

ખાનપુર,

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના કોમી એકતાના પ્રતિક સમા એવા કારંટા ખાતે તા.૨૮/૨૯/૩૦/ ૨૦૨૨, માર્ચના રોજ એમ ત્રણ દિવસ ઉર્સનો મેળો યોજાનાર છે. ઉર્સના મેળાની શરૂઆત થતાં પ્રાંત તેમજ પર પ્રાંતમાંથી શ્રધ્ધાળુઓ ખૂબ મોટી સંખ્યામાં ઊમટી પડતાં સમગ્ર વાતાવરણ ધાર્મિક અને કોમી એકતાની પ્રતિતિ કરાવે છે.



મુસ્લિમ સમાજ કારંટા શરીફમાં સુપ્રસિદ્ધ સંત ઐતિહાસિક સુફી મસહૂર બુઝુર્ગ ગુજરાતની શાન હજરત પીર સૈયદ શાહ કુતુબ મેહમુદ દાદા અલૈહિર્રહમાના ઉર્સનો પર્વ કારંટા ગામમાં ઉજવાતા આ પ્રસંગે મેળામાં દેશભરમાંથી કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના માનવ મહેરામણ ઉમટી પડે છે. મેળાની ઉજવણી દરમ્યાન નાનામોટા હિન્દુ મુસ્લિમ સમાજના શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે. અને આનંદનો થનગનાટ તેમજ કોમી એકતાનો અનેરો અહેસાસ જોવા મળે છે.

દરગાહ સંકુલના તમામ વિસ્તારોને આધુનિક ઈલેક્ટ્રીક રોશનીથી શણગારી આબેહૂબ આકર્ષણ ઉભું કરવામાં આવે છે. દરગાહ ટ્રસ્ટ તરફથી માનવ મહેરામણ ને કોઈ તકલીફ ન પડે તેનું સંપૂર્ણ ધ્યાન અને વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. તેવુ ઝાકીર પીરઝાદા દરગાહ ટ્રસ્ટ ના આયોજક દ્વારા જણાવાયું છે. દરગાહ પર મનની મુરાદ પૂરી થાય છે.

હોળીમાં ભક્તિનો રંગ

# દ્વારકા-ડાકોર-શામળાજીમા ફાગણ સુદ પૂનમે શ્રદ્ધાળુઓ ઉમટી પડયા, ફુલડોલ ઉત્સવના દર્શન કર્યા

અમદાવાદ,

રાજ્ય સહિત દેશભરમાં આજે હોળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. હિંદુઓના મોટા તહેવારોમાંથી એક હોળીનું ખૂબ જ મહત્વ રહ્યું છે હોળીના દિવસે આજે સાંજે ઠેર-ઠેર હોળિકાનું દહન કરવામાં આવ્યું હતું.ફાગણ સુદ પૂનમ હોવાથી ગુજરાતના યાત્રાધામોમાં દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી યાત્રીઓ પગપાળા દ્વારકા, ડાકોર, શામળાજી પહોંચ્યા હતાં અને ફૂલડોલ ઉત્સવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી





યાત્રાધમ દ્વારકા ખાતે સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યુ હતાં લાખોની સંખ્યામાં ભક્તો પગપાળા ચાલીને દ્વારકાધીશ મંદિર ખાતે પહોંચ્યા હતાં દ્વારકા તરફ જતા તમામ માર્ગો જય દ્વારાધીશના નાદથી ગુંજી ઉઠ્યા હતાં તો દ્વારકાની તમામ ગલીઓમાં દ્વારકાધીશના ભક્તો જોવા મળી રહ્યા હતાં. દ્વારકા ખાતે ફુલડોલ મહોત્સવનું અનેરુ મહત્વ હોય છે, ત્યારે ભગવાન દ્વારકાધીશ સાથે રંગે રમવા ભક્તો દૂર દૂરથી આવ્યા હતાં અને પૂજારી પરિવાર દ્વારા ભક્તો પર અબીલ ગુલાલનો વરસાદ કરી ભક્તો ભગવાનના પ્રેમમાં ભીંજવી રહ્યાં હતાં

શામળાજીમાં પણ ભક્તોની ભીડ ઉમટી પડી હતી. ફાગણી પૂર્ણિમાએ કાળિયા ઠાકોરના દર્શને માટે મોટી સંખ્યામાં ભક્તો આવ્યા હતાં અને વહેલી સવારથી જ દર્શન કરવા માટે ભક્તોની લાઈન લાગી હતી. ભગવાન શામળિયા સન્મુખ રંગોત્સવ મનાવવામાં આવ્યો હતો મંદિર પરિસરમાં અબીલ ગુલાલની છોળો ઉડાડવામાં આવી હતી ભક્તો હોળીના અવસરે ભગવાન શામળિયાના દર્શન કરી ધન્ય બન્યા હતાં

ફાગણ સુદ પૂનમનું વિશેષ મહત્વ હોય છે, આજના દિવસે મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી અમદાવાદ કુમકુમ મંદિરમાં હોળી અને ધુળેટીના તહેવારની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી છે. આજે ભગવાનને ચાંદીની પિચકારી અને રંગબેરંગી કલર ધરાવવામાં આવ્યા આવતી કાલે ધુળેટીનો પર્વ છે અને તેને લઈ કુમકુમ મંદિરમાં ફુલડોલની વિધિ કરવામાં આવશે અને મંદિર અને હીરાપુર ચોકડી પાસે ફુલઢોળ કરવામાં આવશે, જેમાં ભગવાનને ફૂલોના હિંડોળામાં ઝૂલાવવામાં આવશે અને ફૂલ અને કેસૂડાના પાણીથી ધુળેટી રમાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આજે રાત્રે શુભમુહૂર્ત જોઈને રાજ્યભરમાં હોળી પ્રગટાવવામાં આવી હતી

# ધોરણ ૧ અને ૨માં અંગ્રેજી વિષય દાખલ કરાશે : શિક્ષણમંત્રી વાઘાણીની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં શિક્ષણ વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ની માંગણીઓ પરની ચર્ચા માટે શિક્ષણમંત્રી અંદાજપત્રીય પ્રવચન આપ્યું હતું. તેમણે આ સમયે જણાવ્યું હતું કે, આગામી સમયમાં ધોરણ ૧ અને ૨માં અંગ્રેજી વિષય દાખલ કરવામાં આવશે.



જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદી તાજેતરમાં ગુજરાતના પ્રવાસે હતા ત્યારે રાજ્યની શાળાઓના જન્મ દિવસની ઉજવણી કરવાનું સુચન કર્યું હતું. જેની અમલવારી કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે.અને શિક્ષણ વિભાગને સૂચના આપી છે.ત્યારે આગામી સમયમાં રાજ્યની શાળાઓના જન્મ દિવસની ઉજવણી થશે. તો બીજી તરફ જીતુભાઈ વાઘાણી એ હીજાબ મામલે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે હિજાબ ને લઈ કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા સુચન આપ્યા છે. તે મુજબ રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પણ શિક્ષણ વિભાગે પરિપત્ર કર્યો હોવાની કબૂલાત શિક્ષણ મંત્રી એ કરી છે.

શિક્ષણ મંત્રી જીતુ વઘાણી એ જણાવ્યું હતું કે, કેશુભાઈથી શરૂ થયેલી ભુપેન્દ્ર ભાઈ સુધીની સરકારમાં શિક્ષણને વેગ મળ્યો છે. પહેલા વિપક્ષે પણ કર્યું હશે. જેને તાયફા કહેવાતા હતા, તેમાં હવે વાલીઓ દીકરીને સ્કૂલે મોકલે છે. વોટબેંકની રાજનીતિ નથી. નરેન્દ્ર મોદીએ દીકરીઓને ભણાવવાની ભીખ પણ માંગી હતી.અહીંયા પણ હાથ ઊંચા કારાવીએ તો ખબર પડે કે કેટલા ૮ ધોરણ સુધી ભણ્યા છે. શિક્ષકો, ઓરડાની ઘટની વિપક્ષે વાત કરી છે.

ભૂતકાળમાં જેવી સ્થિતિ હશે તેવું તે સરકારે કર્યું હશે.શાળાઓ એક શિક્ષકથી ચાલે છે એવી વાતો થઈ. ૭૫૪ શાળા એક શિક્ષકની કેહવાઈ છે, આવી શાળાઓમાં નજીકની શાળામાંથી શિક્ષકની વ્યવસ્થા કરી છે. જે શાળા માં ૭,૯,૧૫,૧૮ વિદ્યાર્થીઓ હોય ત્યાં શિક્ષકો અપાય? ૫૮૩ શાળામાં નજીકની શાળામાંથી શિક્ષક જાય છે. ૧૭૧ પ્રાથમિક શાળામાં ૨૦ થી પણ ઓછા વિદ્યાર્થીઓ છે. શિક્ષણ મંત્રીએ ૧૯૯૩-૧૯૯૪ ના શિક્ષકો,શાળાની ઘટના આંકડા રજૂ કર્યા હતા.

વિધાનસભા ગૃહમાં શિક્ષણ વિભાગની માંગણી પરની ચર્ચા દરિમયાન કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદિન શેખે જણાવ્યું હતું કે શિક્ષકોને રાજકીય કાર્યક્રમોમાંથી મુક્તિ આપો, સરકારી શાળાઓના મામલે દિલ્હીના આપ મોડેલને ગુજરાત સરકારે અનુસરવું જોઈએ. ધારાસભ્યોના એક વર્ષના પગાર જમા લઈ લો પણ શાળાઓ અને શિક્ષણને સુધારો.કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે વિધાનસભામાં જણાવ્યું હતું કે, શિક્ષણના મામલે ભાજપ અને કોંગ્રેસ ભૂલીને ભવિષ્યની પેઢીની ચર્ચા કરવી જોઈએ, શિક્ષકોને બિન શૈક્ષણિક કામ આપવાનું બંધ કરો.શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડમાં પણ સરકારની વાહ વાહ કરનારને જ મળે છે.

વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદિન શેખે ૨૫ ટકા ફી માફીનો મુદ્દો ઉઠાવ્યો હતો. જેના જવાબમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના સભ્યો વારંવાર ભુપેન્દ્રસિંહને ટાર્ગેટ કરવા માંગે છે. પહેલાં જે કહ્યું હતું એ કરીએજ છીએ. ભુપેન્દ્રસિંહએ કહ્યું ત્યારે પરિસ્થિતિ અલગ હતી. ભણ્યા છીએ, સ્કૂલે ગયા છીએ, એમ કહી તેમણે ૨૫ ટકા ફી માફીનો મુદ્દો ઉડાવી દીધો હતો.

# અમદાવાદ શહેરમાં બે વર્ષમાં ધર્મ પરિવર્તનની ૩૫૦ અરજી, એક પણ મંજૂર નહીં

ગાંધીનગર,

દેશમાં ધર્મપરિવર્તનને લઈને આજકાલ ઘણી ચર્ચાઓ ચાલી રહી છે. દેશના અલગ અલગ રાજ્યોમાં કન્વર્ઝન રેટ વધતો હોવાની ફરિયાદ પણ થઈ રહી છે. ત્યારે ગુજરાત રાજ્યમાં અને ખાસ તો અમદાવાદમાં કેવી સ્થિતિ છે તે જાણવા માટે એક અરજ ઊભી થઈ હતી.

ગુજરાત વિધાનસભા પ્રવકતા અને દરિયાપુર મતવિસ્તારનાં કોંગ્રેસના ધારાસભ્ય એવા ગ્યાસુદ્દિન શેખ દ્વારા વિધાનસભામાં પૂછાયેલા એક સવાલના જવાબમાં ગુજરાત સરકારે આંકડાઓ જાહેર કર્યા હતા જેમાં અમદાવાદ શહેરમાં આખા ગુજરાતમાં કેટલી અરજીઓ આવી તે અંગેની વિગતો જાહેર કરવામાં આવી હતી.

આ ખુલાસામાં દર્શાવવામાં આવ્યું છે કે ૨૦૨૦ માં ૯૪ અરજીઓ ધર્મપરિવર્તનની ગુજરાત રાજ્યમાં આવી હતી. અને ૨૦૨૧માં ધર્મ પરિવર્તનની અરજી વધીને ૨૫૬ નોંધાઈ હતી. કોંગ્રેસ ધારાસભ્ય ગ્યાસુદીન શેખે ગૃહમાં અ સવાલ પૂછ્યો હતો. જેમાં જવાબમાં સરકારે આ માહિતી આપી હતી.

# આગામી ત્રણ દિવસ ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં હિટવેવની પરિસ્થિતિ

અમદાવાદ,

ગુજરાતમાં માર્ચમાંથી જ કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. આજે અમદાવાદ અને અમરેલીમાં સૌથી વધઉ ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી ત્રણ દિવસ ગુજરાતના મોટાંભાગના વિસ્તારોમાં હિટવેવની પરિસ્થિતિ રહેશે.

આજે અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૧.૨, ડીસામાં ૪૧, વલ્લભ વિદ્યાનગરમાં ૩૯, વડોદરામાં ૪૧, સુરતમાં ૩૯, વલસાડમાં ૩૯.૫, ભુજમાં ૪૦.૮, અમરેલીમાં૪૧.૫, ભાવનગરમાં ૩૮.૭, દ્વારકામાં ૨૮.૨ અને સુરેન્દ્રનગરમાં ૪૧.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

બીજી તરફ હવામાન વિભાગ તરફથી આગાહી કરવામાં આવી છે કે આગામી ત્રણ દિવસ ગુજરાતના મોટાંભાગના વિસ્તારોમાં હિટવેવઆગાહી કરવામાં આવી છે. જેમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. જોકે અમદાવાદ સહિતના મોટાં શહેરોમાં ૪૧ ડિગ્રી આસપાસના તાપમાનના કારણે માર્ચમાં જ કાળઝાળ ગરમીનો અનુભવ થવા લાગ્યો છે.

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૧૮૮ લોકોના પોલીસ કસ્ટડીમાં મોત

ગાંધીનગર,

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં કસ્ટડીમાં ૧૮૮ લોકોના મોત થયા છે. વિધાનસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આપી હતી. આ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય પરેશ ધાનાણીના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે ૨૦૨૦માં કસ્ટોડિયલ ડેથના ૮૮ અને ૨૦૨૧માં ૧૦૦ કેસ નોંધાયા હતા.

પટેલ હોમ પોર્ટફોલિયો પણ ધરાવે છે. આ સંદર્ભે પોલીસ અધિકારીઓ સામે સરકાર દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી અંગેના પૂરક પ્રશ્નના જવાબમાં પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ઘણી એફઆઈઆર નોંધી છે અને વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે સસ્પેન્શનના આદેશો જારી કરવામાં આવ્યા છે અને આવા અધિકારીઓ પર રોકડ દંડ પણ લાદવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે સરકારે કસ્ટડીમાં જીવ ગુમાવનારા તમામ લોકોના પરિવારજનોને રૂ.૬ લાખનું વળતર આપ્યુંછે. પટેલે ગૃહને જણાવ્યું હતું કે સરકારને ભલામણો મળી હતી તેવા તમામ કેસોમાં વળતર ચૂકવવામાં આવ્યું હતું.

# જમ્મુ કાશ્મીરમાં એક વર્ષમાં ૧૭૫ આતંકવાદીઓ ઠાર, ૧૮૩ની ધરપકડ

જમ્મુ-કાશ્મીરમાં એક વર્ષમાં ૧૭૫ આતંકીઓને ઠાર કર્યા છે. આ સાથે ૧ માર્ચ ૨૦૨૧થી ૧૬ માર્ચ ૨૦૨૨ સુધીમાં અત્યાર સુધીમાં ૧૮૩ની ધરપકડ કરવામાં આવી છે. એટલું જ નહીં, આ સમય દરમિયાન, ફોર્સ લેફ્ટ વિંગ એક્સ્ટ્રીમિઝમ (એલડબ્લ્યુઈ) સામે લડી રહેલા રાજ્યોમાં અનેક મોટા ઓપરેશન ચલાવીને ૧૯ નક્સલવાદીઓને માર્યા, જ્યારે ૬૯૯ની ધરપકડ કરવામાં આવી છે. ઉપરોક્ત તમામ માહિતી સીઆરપીએફના ડીજી કુલદીપ સિંહે આપી છે. તે જ સમયે, તેમણે એ પણ માહિતી આપી કે કાર્યવાહીમાં શહીદ થયેલા સૈનિકોને ૨૦ લાખથી વધારીને ૩૦ લાખ અને અન્ય તમામ કેસોમાં ૧૫ લાખથી વધારીને ૨૦ લાખ કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે સીઆરપીએફ આવતા શનિવારે જમ્મુના એમએ સ્ટેડિયમમાં તેની વાર્ષિક ૮૩મી રાઈઝિંગ ડે પરેડનું આયોજન કરશે. ખાસ વાત એ છે કે, આ પહેલીવાર છે જ્યારે સીઆરપીએફ ફોર્સ દિલ્હી-એનસીઆરની બહાર તેનો વાર્ષિક દિવસ ઉજવી રહ્યું છે. તે જ સમયે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તેના મુખ્ય કાર્યક્રમમાં ભાગ લેશે.

# વડોદરા કોર્ટમાં ચેક બાઉન્સ કેસના આરોપીએ ત્રીજા માળેથી મોતની છલાંગ લગાવી

વડોદરા,

વડોદરા કોર્ટમાં આપઘાતનો બનાવ બન્યો છે.ચેક બાઉન્સ કેસના આરોપીએ ત્રીજા માળેથી છલાંગ મારીને આપઘાત યો છે. પ્રવિણસિંહ નામના આરોપીને રજૂ કરાયો હતો. અગાઉ ચેક બાઉન્સ કેસમાંશહેરની પાનીગેટ પોલીસે આરોપી સામે કાર્યવાહી કરી હતી એસઆરપી જવાનના જાપ્તામાં રહેલા આરોપીએ આપઘાત કર્યાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, અનુસાર રેલ્વે વિભાગમાં થોડા સમય પહેલાં જ વીઆરએસ લઈ નિવૃત્ત થયેલા પ્રવીણ સિંહ મહિડા સામે રૂપિયા લઈ પરત નહીં કરવાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે પોલીસે પ્રવિણસિંહ મહિડાની ધરપકડ કરી હતી અને તેમને આજે બપોર બાદ કોર્ટમાં લઈ આવી હતી. આ દરમિયાન પોલીસના જાપ્તામાંથી તેઓ ભાગ્યા હતા અને ત્રીજા માળેથી નીચે કૂદી ગયા હતા. જેથી ઘટના સ્થળે તેમનું કમકમાટીભર્યું મોત નીપજયું હતું. તેમના મૃતદેહને પહેલા ગોત્રી હોસ્પિટલ ખાતે અને ત્યારબાદ પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.કહેવાય છે કે વર્ષ-૨૦૧૯માં સહકર્મચારી પાસેથી રૂ. ૪ લાખ વ્યાજે લીધા હતાં અને આરોપી પાસેથી રૂ. ૧૦ લાખના ચેક લઈ લેવામાં આવ્યા હતા. આપઘાત કરનાર આરોપી રેલ્વે વિભાગમાં ફરજ બજાવતો હતો. ગોત્રી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ આરોપીનું મૃત્યુ થયું છે.

# આપની આજ.......

મેષ : પારિવારિક વાતાવરણ સુખદ તથા પ્રેમ પૂર્ણ રહી શકે છે. રાજકીય કાર્યોમાં કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિની મદદ મળી શકે છે. કોઈ વિવાદિત મામલો કોઈની દખલ દ્વારા ઉકેલાઈ શકે છે. ઘરના કોઈ વડીલ વ્યક્તિના સ્વાસ્થ્યને લઈને ચિંતા પણ રહેશે.

વૃષભ : અકારણ જ કોઈ વિવાદમાં પડશો નહીં. આજે કંઈક નવું કરવાની ઈચ્છા અને જોશ રહેશે. પારિવારિક પરિસ્થિતિઓ સુખદ અને સુખમય રહેશે. રાજનૈતિક અને મહત્ત્વપૂર્ણ લોકો સાથે સંપર્ક વ્યવસાયમાં નવા કરાર પ્રાપ્ત થશે.

મિથુન : આજે મોટાભાગનો સમય માર્કેટિંગને લગતા કાર્યોમાં પસાર થશે. આજે સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ અને થાક અનુભવ થશે. ઘરમાં થોડી સુખ-સુવિધાઓને લગતી વસ્તુઓની ખરીદદારી થશે. તમારી કોઈપણ ગતિવિધિમાં જીવનસાથીને સામેલ કરો.

કર્ક : કાર્યસ્થળમાં કોઈ મુશ્કેલી આવવાથી કોઈ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન અને સલાહ તમારા માટે ઉપયોગી રહેશે. પ્રેમ સંબંધમાં ભાવનાત્મક સ્તર ગાઢ બનશે.

સિંહ : નોકરી કે વ્યવસાયમાં કોઈ પ્રકારે પેપરને લઈને ગડબડી થઈ શકે છે. આ સમયે ઘરના કોઈ વડીલ સભ્યના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા ભાવી લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોગ્ય રીતે કામ કરવાની તમારી રીત સફળ થશે.

કન્યા : દિવસની શરૂઆતમાં થોડો તણાવ રહી શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે. ધનના લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની શકે છે. તમે જે નવા કામને શરૂ કર્યું છે,

તુલા : જીવનસાથી સાથે ઘરની વ્યવસ્થાને લઈને થોડો તણાવ રહી શકે છે. કોઈ વસ્તુના ખોવાઈ જવાથી કે રાખીને ભૂલી જવાની સ્થિતિ બની શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

વૃશ્ચિક : કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી તમે ફ્રેશ રહેશો. વ્યવસાયમાં આ સમયે આર્થિક સ્થિતિ અનુકૂળ રહેશે. પારિવારિક મામલાઓને શાંતિથી ઉકેલો. થોડી નકારાત્મક વાતો પણ સામે આવી શકે છે.

ધન : જીવનસાથીનો ઘર-પરિવાર પ્રત્યે પૂર્ણ સહયોગ રહેશે. તમારા ઈગો અને ગુસ્સા જેવી ખામીઓ ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરો. વ્યક્તિગત વ્યસ્તતાના કારણે કાર્યક્ષેત્રમાં વધારે ધ્યાન આપી શકશો નહીં. તમારી મહેનત તથા કોશિશનું સારું પરિણામ સામે આવશે.

મકર : આજનો દિવસ તમને અનેક રીતે સફળતા આપનાર રહેશે. પ્રેમ સંબંધ વધારે ગાઢ બનશે. શરદી, તાવ વગેરે થઈ શકે છે. તમારી કાર્યપ્રણાલીમાં ફેરફાર વ્યવસાય માટે પોઝિટિવ રહેશે. આજનો દિવસ તમને અનેક રીતે સફળતા આપનાર રહેશે.

કુંભ : પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે. કામકાજમાં તમે વ્યસ્ત રહી શકો છો. કામ વધારે હોવા છતાં તમે ઘર-પરિવાર માટે પણ સમય કાઢી લેશો. વાહન સાચવીને ચલાવો. કોઈ લક્ષ્ય તમારી આંખથી ઓઝલ થઈ શકે છે.

મીન : વ્યવસાયિક બધા જ કાર્યો યોગ્ય રીતે ચાલતાં રહેશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ સમયે તમારા વ્યવહારને સહજ જાળવી રાખો તો સારું રહેશે. આજે તમે યોજનાબદ્ધ રીતે તમારી કાર્યપ્રણાલી બનાવશો અને સફળ પણ રહેશો.

# પ્રકાશ સિંહ બાદલ હાર બાદ પણ રાજનીતિ લડાઈ ચાલુ રાખશે

ચંડીગઢ,

પંજાબ વિધાનસભા ચુંટણીમાં શિરોમણી અકાલી દળનો સખ્ત પરાજય થયો છે શિરોમણી અકાલી દળના સંરક્ષક અને પાંચ વારના મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલ લાંબીથી પહેલીવાર ચુંટણી હારી ગયા છે હાર છતાં બાદ પણ ૯૪ વર્ષના પ્રકાશ સિંહ બાદલે શિખોના હિત માટે લડતા રહેવાનો દાવો કર્યો છે.

પંજાબ વિધાનસભામાં શિરોમણી અકાલી દળે પોતાનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યુ છે. શિઅદને માત્ર ત્રણ બેઠક મળી છે.પ્રકાશસિંહ બાદલે કહ્યું કે કયારેક કયારેક પાર્ટીઓની સામે ઉતાર ચઢાવ આવે છે પરંતુ શિઅદ રાજયના હિતો માટે સંઘર્ષ કરતું રહે છે.એ યાદ રહે કે પ્રકાશ સિંહ બાદલનો પુત્ર શિઅદ પ્રમુખ સુખવીર સિંહ બાદલ જલાલાબાદ બેઠકથી ચુંટણી હારી ગયા છે.

પ્રકાશસિંહે કહ્યું કે કયારેક કયારેક પાર્ટીઓની સામે ઉતાર ચઢાવ આવે છે રાજનીતિમાં આવું થાય છે.તેમણે ૧૯૭૫માં શિઅદની તમામ બેઠકો જીતવાનો ઉલ્લેખ કરતા કહ્યું કટોકટી દરમિયાન લહેર અમારા પક્ષમાં હતી અને કોઈ અન્ય જીતી શકયું ન હતું લોકો આપ સરકારનો આ અનુભવ પણ જોશે પરંતુ અમે પંજાબ અને દેશના હિતો માટે સંઘર્ષ કરતા રહીશું.

પ્રકાશ સિંહ બાદલે જનાદેશનો સ્વીકાર કરવાની વાત કહી જો કે પંજાબ વિધાનસભા ચુંટણીમાં આ રીતના હાર બાદ શિરોમણી અકાલી દળની અંદર બાદલ પરિવારના નેતૃત્વને લઈને પણ સવાલ ઉભા થયા છે.

# નાફેડ-પતંજલિના પાપે ગુજરાતનો ગરીબ લુખી રોટલી ખાવા મજબુર

ગાંધીનગર,

રાજ્યના ગરીબ અને નિમ્ન મધ્યમવર્ગના રેશનકાર્ડ ધારકોને તુવેર દાળ આપવાની રાજ્ય સરકારની સફળ યોજના દાળના અપુરતા સપ્લાયને કારણે અટવાઈ ગઈ છે. પતંજલિ કંપની ટેન્ડર મુજબ પુરતો જથ્થો પુરો પાડવામાં નિષ્ફળ રહેતા હવે કંપનીની શરતો મુજબ મંજૂરીઓ આપવાની કવાયત પુરવઠા વિભાગે શરૂ કરી છે જેના કારણે રેશનકાર્ડ ધારકોને પેકીંગને બદલે લૂઝ દાળ મળશે. જેથી ગુણવત્તાના પ્રશ્નો પણ ઉભા થશે.

આ બાબતે નાગરિક પુરવઠા વિભાગના ડાયરેક્ટર અને જોઈન્ટ સેક્રેટરી શ્રી તુષાર ધોળકીયાએ એઆર લાઈવ ન્યુઝ એજન્સી સાથે વાત કરતાં જણાવ્યું હતું કે નાફેડે પતાંજલિને આપેલા ટેન્ડરમાં બાબા રામદેવની પતંજલિ સમયસર સપ્લાય કરવામાં નિષ્ફળ ગઈ હોવાના કારણે નાફેડે ડેન્ડર રદ કરી પતંજલિને બ્લેક લિસ્ટેડ કરી દિધેલ છે. અને હવે બીજા સપ્લાયર પાસેથી દાળનો જથ્થો મંગાવવામાં આવશે અને ટુંક જ સમયમાં વિતરણ ચાલુ કરવામાં આવશે.

સૌથી મોટો પ્રશ્ન તો એ ઉભો થાય છે કે ગુજરાતમાં જ તુવેરદાળનું ઉત્પાદન કરતી મીલો અને એ પણ સહકારી ધોરણે ચાલતી હોવા છતાં બાબા રામદેવની પતંજલિને જ કેમ ટેન્ડર આપવામાં આવ્યું કે જેની પાસે કોઈ તુવેરદાળ ઉત્પાદનની વ્યવસ્થા જ નથી જેની પોતાની કોઈ મીલ નથી ફક્ત પેકીંગ કરી પોતાનો સિક્કો મારી સપ્લાય કરે છે.

રેશનકાર્ડ ધારકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૧ કિલોના પેકીંગમાં તુવેરદાળ આપવા માટે રાજ્યના પુરવઠા વિભાગે નાફેડને એજન્સી તરીકે રાખી હતી. નાફેડ મારફતે ટેન્ડર દ્વારા પતંજલિને તુવેર દાળ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. ૨૦ હજાર મેટ્રિક ટન તુવેર દાળ ૧-૧ કિલોના પેકિંગમાં પુરી પાડવાની હતી. પરંતુ પતંજલિ દ્વારા કુલ ૧ હજાર મેટ્રિક ટન તુવેર દાળનો જથ્થો જ પુરો પાડવામાં આવતા બે ત્રણ મહિનાથી તુવેર દાળનું વિતરણ કરી શકાયું નથી.

રાજ્ય સરકારને દર મહિને ૭ હજાર મેટ્રીક ટન તૂવેરદાળનું વિતરણ કરવાનું હોય છે પરંતુ શોર્ટ સપ્લાયને કારણે વિતરણ વ્યવસ્થા ખોરવાઈ છે. બીજીતરફ કંપની તરફથી ૧ કિલોના પેકિંગને બદલે ૨૦ કિલોના પેકીંગ પુરા પાડવામાં આવતા ખરાબ ગુણવત્તાની ફરિયાદો પણ ઉઠી હતી. ટેન્ડરની શરત મુજબ તુવેરદાળનો જથ્થો સમયસર પુરો નહીં પાડવા બદલ કંપની સામે પગલાં લેવાને બદલે પુરવઠા વિભાગ દ્વારા કંપનીની માંગણી પ્રમાણે ૫૦ કિલોના પેકિંગમાં દાળ પુરી પાડવાની મંજૂરી આપવાની કવાયત પણ ચાલી રહી છે. જેના કારણે રેશનકાર્ડ ધારકોને લૂઝ તુવેરદાળનું વિતરણ કરવું પડશે.

**૨૦ હજાર મેટ્રિક ટન તુવેર દાળ ૧-૧ કિલોના પેકિંગમાં પુરી પાડવામાં નિષ્ફળ બાબા રામદેનની પતંજલિને કારણે ત્રણ મહિનાથી તુવેર દાળનું વિતરણ બંધ**

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે.બારીયાની ખાનગી શાળાની લકઝરી બસ ને છોટાઉદેપુર પાસે નડ્યો અકસ્માત



દાહોદ,
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક જબુગામ પાસે એક ખાનગી લકઝરી બસ ખાડામાં ઉતરી જતાં આશરે ૫૦ મુસાફરો ભરેલી ખાનગી બસમાં ૮ થી ૧૦ લોકો ને ઈજા થવા પામી હતી. જેઓને સારવાર માટે બોડેલી તથા જબુગામ હોસ્પિટલમાં ખસેડાયા હતા જોકે કોઈ જાનહાની થઈ ન હતી.

દાહોદ જિલ્લાના જુના બારિયા ગામના એક જ પરિવારના આશરે ૫૦ વ્યક્તિઓ અસ્થિ વિસર્જન કરવા માટે એક ખાનગી બસ દ્વારા ડભોઈ તાલુકાના તીર્થ સ્થાન ચાંદોદ ખાતે નર્મદા કિનારે જઈ રહ્યા હતા ત્યારે લકઝરી બસ છોટાઉદેપુર થી બોડેલી તરફ આવતા બોડેલી પાસેના જબુગામ ખાતે અચાનક લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બસ રોડ છોડી ખાડામાં ઉતરી ઝાડ સાથે ટકરાઈ જતાં અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતની જાણ જબુગામના ગ્રામજનોને થતા ગ્રામજનોના ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા તે દરમિયાન ગ્રામ પંચાયત સભ્ય વસીમભાઈ શેખ તથા દિલીપભાઈ બારીયા દ્વારા પોલીસ તથા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી અને ગામના યુવાનો દ્વારા બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી બસમાંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

પી.એસ.આઈ. અએ.એસ. સરવૈયા તથા બીટ જમાદાર ભરતભાઈ તાબડતોબ બનાવનાં સ્થળ પર દોડી ગયા હતા અને પો.સ.ઈ. એ.એસ. સરવૈયાએ જાતે ગામના યુવાનો સાથે મળી ડ્રાઈવરને બહાર કાઢવામાં મદદ કરી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી જોકે બનેલા અકસ્માતના બનાવમાં કોઈ જાનહાની ન થતા બસમાં મુસાફરી કરી રહેલા પરિવારજનો અને ચંદ્રહાસ અનુભવી હતી.

- દે.બારીયાના પરિવારના સભ્યો અસ્થિ વિસર્જન કરવા ચાણોદ જતા વેળાએ નડ્યો અકસ્માત.
- છોટાઉદેપુર જિલ્લાના જબુ નજીક નડ્યો અકસ્માતઃચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા નડ્યો અકસ્માત.
- અકસ્માત બાદ રોડની સાઈડમાં ખાડામાં ઉતરી ઝાડ સાથે અથડાતા મોટી હોનારત થતાં બચી.
- બસમાં સવાર ૮ થી ૧૦ મુસાફરો ઈજાગ્રસ્તઃખાનગી શાળાની બસમાં ૫૦ જેટલાં મુસાફરો પ્રવાસ કરી રહ્યા હતા.
- ઘટનાના પગલે ૧૦૮ તેમજ સ્થાનિક પોલીસ તાબડતોડ ઘટના સ્થળે પહોંચી.
- અકસ્માત બાદ ગામવાસીઓ તેમજ સ્થાનિકોએ બચાવ તેમજ રાહત કાર્યમાં જોતરાયા.

# દાહોદના નુરબાગ વિસ્તારની ૨૧ વર્ષિય યુવતિએ કેરોસીન છાંટી સળગી જતા મોત

દાહોદ,
દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે રહેતી એક ૨૧ વર્ષીય યુવતીને અગમ્યકારણોસર ગુસ્સો આવતાં પોતાના ઘરમાં પોતાની ઉપર કેરોસીન છાંટી પોતાની જાતને સળગાવી દેતાં ગંભીર ઈજાગ્રસ્ત યુવતીને સારવાર અર્થે દાહોદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યાં બાદ તેને વધુ સારવાર અર્થે વડોદરા ખસેડાતાં યુવતીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા. ૧૬મી માર્ચના રોજ દાહોદ શહેરના ગોધરા રોડ નુરબાગ વિસ્તાર ખાતે રહેતી ૨૧ વર્ષીય આફરીન બાબુભાઈ દિવાનને ગુસ્સો આવતાં પોતે પોતાના શરીર પર કેરોસીન છાંટી પોતાના શરીરે દિવાસળી ચાંપી દેતાં આફરીનબેન શરીરે સખ્ત દાઝી જતાં તેને પરિવારજનો દ્વારા તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં આફરીનબેનની સ્થિત નાજુક જણાતાં તેઓને વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એચ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં જ્યાં સારવાર દરમ્યાન ગતરોજ આફરીબેનનું મોત નીપજતાં પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. આ સંબંધે દાહોદ શહેરના મોચીવાડની ચાલ ખાતે રહેતાં મૃતક આફરીનબેનના જીયાજી મોઈનુદ્દીન અબ્દુલમજીદ શેખ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે જાણવા જોગ આપતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા પંચાયતના સંયુકત ઉપક્રમે BJP પ્રદેશ અધ્યક્ષની જન્મ દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,
માનનીય શ્રી પ્રદેશ અદયક્ષ સી.આર. પાટીલ સાહેબ ના જન્મદિવસ નિમિત્તે જિલ્લા મહિલા મોરચા તથા જિલ્લા પંચાયત ના સંયુકત ઉપક્રમે સરકાર શ્રી ની યોજના ઓ જેમકે વિધવા સહાય, e-shram કાર્ડ, વહાલી દિકરી યોજના, સુકન્યા યોજનાઓ ના લાભ લાભાર્થીઓને મળી શકે તે માટેનો કેમ્પ કરવામાં આવ્યો અને લાભાર્થીઓને લાભ લીધો પટેલ સાહેબ ના જન્મદિવસ નિમિત્તે ૧૨ થી ૧૬ વર્ષના બાળકોને વેક્સિન આપવામાં આવી અને કેક કાપીને પાટીલ સાહેબ નો જન્મ દિવસ બહેનો દ્વારા ઉજવવામાં આવ્યો જેમા જિલ્લા પંચાયત પ્રમુખ પક્ષના નેતા બીડી વાઘેલા સાહેબ જિલ્લા મહિલા મોરચા પ્રમુખ મહામંત્રી ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ, મહામંત્રી, ઝાલોદ તાલુકા સંગઠન પ્રમુખ મહામંત્રી જિલ્લા સંગઠન મંત્રી, કાઉન્સિલર અને કાર્યકર્તા બહેનો મોટી સંખ્યામા હાજર રહયા.

# સરકાર માર્ગ અકસ્માતો પર કાબૂ મેળવવા માટે રૂ. ૭,૫૦૦ કરોડની યોજના લાગુ કરશે : ગડકરી

નવીદિલ્હી,
કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ બુધવારે રાજ્યસભામાં જણાવ્યું કે, વિભિન્ન ઉપાયો છતાં પણ રોડ અકસ્માતો મામલે ભારતનો રેકોર્ડ ખાસ સારો નથી અને દર વર્ષે આશરે ૧.૫ લાખ લોકો અકસ્માતોમાં પોતાનો જીવ ગુમાવે છે.

ગડકરીએ જણાવ્યું કે, યુદ્ધ અને કોરોના મહામારીના આંકડાઓ સાથે સરખામણી કરીએ તો માર્ગ અકસ્માતોમાં વધારે લોકોના મોત થાય છે. તેમણે આ બાબતને દુખદ ગણાવી હતી અને કહ્યું કે, આ મામલે ભારતનો રેકોર્ડ વિશ્વના અનેક દેશોની સરખામણીએ ખરાબ છે.

ગડકરીના કહેવા પ્રમાણે સરકાર ટૂંક સમયમાં જ વિશ્વ બેંકની મદદથી ૭,૫૦૦ કરોડ રૂપિયાની એક યોજના લાગુ કરશે જેથી આ સમસ્યા પર કાબૂ મેળવી શકાય તથા રાષ્ટ્રીય અને રાજ્ય રાજમાર્ગો પર દુર્ઘટનાની આશંકાવાળા ક્ષેત્રો (બ્લેક સ્પોટ)ને ઘટાડી શકાય. સરકાર આ મુદ્દાને લઈ ખૂબ જ સંવેદનશીલ છે અને ટૂંક સમયમાં જ દેશભરમાં વિશ્વ બેંકની મદદથી ૭,૫૦૦ કરોડ રૂપિયાની એક યોજના લાગુ કરવામાં આવશે.

# ઝાલોદના ચાકલીયા ગામે ફોર વ્હિલરમાં લઈ જવાતો ૧.૨૦ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૧,૨૦,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીના ચાલકની અટક કર્યાંનું જ્યારે પોલીસેને જોઈ ચાલકની સાથેનો અન્ય એક ઈસમ મળી પોલીસે કુલ ત્રણ ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા. ૧૬મી માર્ચના રોજ ચાકલીયા ગામે પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી તે સમયે ત્યાંથી બાતમી દર્શાવેલ એક ટાવેરા ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાંની સાથે ગાડીની ઉભી રાખવા ઈશારો કરતાં ગાડીમાં સવાર ભચલુ (રહે. લીમડી, તા.ઝાલોદ, જિ.દાહોદ) નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો જ્યારે ગાડીનો ચાલક કલ્પેશભાઈ ચંદુભાઈ ડામોર (રહે. મલવાસી, તળાવ ફળિયુ, તા.ઝાલોદ, જિ.દાહોદ)ને પોલીસે ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૧૨૦૦ કિંમત રૂા. ૧,૨૦,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા. ૨,૮૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઝડપાયેલ ચાલકની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો નિલેશભાઈ મનસુખભાઈ હાંડા (રહે. વખતપુરા, તા. ઝાલોદ, જિ.દાહોદ) મંગાવ્યો હોવાનું જણાવતાં ચાકલીયા પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા સંદર્ભે કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષા સ્થળ સંચાલકોની બેઠક યોજાઇ

દાહોદ,
દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા યોજાવાની છે ત્યારે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અદયક્ષતામાં પરીક્ષાના સ્થળ સંચાલકોની જેઆર બીએડ કોલેજ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરએ પરીક્ષા સ્થળ પર જરૂરી વ્યવસ્થા તેમજ આગોતરા આયોજન અંગે સંચાલકોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

બેઠકમાં ધોરણ ૧૦ દાહોદ અને લીમખેડા ઝોન, ધો.૧૨ સામાન્ય વિજ્ઞાન પ્રવાહના ૧૨૪ સ્થળ સંચાલકઓ ઉપસ્થિત રહ્યાં હતા. કલેક્ટર ડો. ગોસાવીએ વિદ્યાર્થીઓ શાંત માહોલમાં પરીક્ષા આપી શકે એ માટેની તમામ વ્યવસ્થા કરવા સૂચન કર્યું હતુ તેમજ પરીક્ષા સંબધિત માર્ગદર્શિકાનું પણ ચુસ્ત પાલન કરવા જણાવ્યું હતું. કલેક્ટરએ પરીક્ષા સ્થળે કોઇ અનિચ્છનીય ઘટના ન બને તેમજ પરીક્ષાના પારદર્શી તટસ્થ રીતે યોજાય તે માટે પરીક્ષાના સ્થળ સંચાલકોનું જરૂરી માર્ગદર્શન કર્યું હતું. બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે, તમામ ઝોનલ અધિકારી અને ઝોન કચેરીના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ શહેર અને જિલ્લામાં હોળી અને ધુળેટીના પર્વની હર્ષોલ્લાસ સાથે ધુમધામથી ઉજવણી




દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લા વાસીઓએ હોળી અને ધૂળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ધામધૂમથી ઉજવણી કરવા થનગની રહ્યા હતા ત્યારે આજરોજ હોળીના પાવન અવસરે દાહોદ શહેર સહિત જિલ્લા વાસીઓએ હોળી પ્રગટાવી ધાર્મિક રીતે હોળીની ઉજવણી કરી હતી ત્યારે બીજા દિવસે એટલે કે ધુળેટીના દિવસે લોકો એક બીજાને કલર રંગ છાંટી ધૂળેટી પર્વની ઉજવણી કરશે.

દાહોદ શહેરના ગાંધી ચોક ખાતેથી મુખ્ય હોળી હોવાથી લોકોની તે જગ્યાએ ભારે ભીડ જોવા મળી હતી. શહેરના અન્ય વિસ્તારોના લોકો હાથમાં મશાલ લઈને હોળી પ્રગટ થવાની રાહ જોતા ઊભા રહ્યા હતા અને પરંપરાગત મુજબ ગાંધી ચોકની મુખ્ય હોળી પ્રગટાવવામાં આવી હતી અને તેની ઝાળ થી મસાલ સળગાવી વિવિધ વિસ્તારોના લોકોએ હોળી સળગાવી મસાલ લઈ દોડતા નજરે પડ્યા હતા. શ્રદ્ધાળુઓ હોળી પ્રગટયા બાદ હોળી તાપવા અને હોળીના હેરા ફરી લોકોએ ધાણી, ખજૂર અને નાળિયેર હોળીમાં હોમી પોતાની બાધા, આખડીઓ પૂરી કરી હતી તેમજ દાહોદ શહેરમાં અનેક વિસ્તારોમાં લોકોએ હોળી પ્રાગટ્યમાં લાકડાનો ઉપયોગ ન કરી છાણાનો ઉપયોગ કરી ઈકોફ્રેન્ડલી હોળી પણ પ્રગટાવી હતી જ્યારે હોળીના બીજા દિવસે એટલે કે ધુળેટી પર્વ હોય સવારથી જ શહેરના તમામ વિસ્તારોમાં લોકો એકબીજા પર ગુલાલ છાંટી ધૂળેટી પર્વની પણ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરશે પરંપરાગત રીતે જિલ્લામાં કેટલીક જગ્યાએ ચૂલનો મેળો પણ ભરાય છે જેમાં ઝાલોદ તાલુકાના રણીયાર ગામે ચૂલનો ભવ્ય મેળો ભરાયો હતો અને ચૂલનો મેળો જોવા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. હોળી અને ધુળેટી પર્વે શહેર સહિત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.

# "આવો દુષણોને ફગાવી દઈએ કરીને ટીંગાટોળી, નખશિખ નિજાનંદનો અવસર એટલે જ હોળી"

## પ્રાસંગિક માહિતી અંતર્ગત આજે દાહોદની મુખ્ય હોળીનું મહત્વ કેમ છે અને તેનો સમય કેવી રીતે નક્કી થાય છે તે વિશે જાણીએ

દાહોદના ગાંધી ચોક વિસ્તારમાં વર્ષોવર્ષથી શહેરની મુખ્ય ગણાતી હોળી પ્રગટે છે. અહીંથી જ દાહોદભરની તમામ હોળીના જે તે આયોજકો દ્વારા મશાલના ઉપયોગ વડે મુખ્ય હોળીનો ચેપ લઈને દોડતા જઈને કે હવેની આધુનિક સગવડ મુજબ સ્કૂટર ઉપર સળગતી મશાલ લઈને પોતપોતાના વિસ્તારમાં હોળી પ્રગટાવાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ આ વિસ્તાર 'ગાંધીચોક' બદલે નગરમાં 'જનકપુર બજાર' તરીકે જાણીતો હતો અને એ વખતે આ ચોક, જ્યાં અત્યારે હોળી પ્રગટે છે તે સ્થળ "હોળી ચકલા" ચોક તરીકે જનમાનસમાં અંકાયેલું હતું. આ હોળીચકલા ખાતે જ દાહોદની એકમાત્ર હોળી પ્રગટતી હતી. તે ટાણે દાહોદની આસપાસ ઘટાટોપ જંગલો હોવા છતાં લોકો ઠેરઠેર હોળી ન માંડતા એક જ સ્થળે હોળી પ્રગટાવતા હતા.

વર્ષો પૂર્વે પાંચ બત્તી (ગાંધીચોક) વિસ્તાર તેમજ દેસાઈવાડની તળાવ ઉપરની હોળી પ્રગટાવવા દાહોદ મ્યુનિ. સરકારી રાહે ખર્ચ આપતી હતી એટલે એ બંને હોળીને લોકો 'સરકારી હોળી' કહેતા હતાં. એક માસ પૂર્વે દાંડારોપણીના શુભ દિને મુખ્ય હોળી માટે વિધિવિધાન સાથે હોળીનો દાંડો રોપવામાં આવે છે. જોકે હજુ પણ મુખ્ય હોળી માટે દાંડારોપણી તો થાય જ છે પરંતુ, હવે દાહોદનો વ્યાપ વધતા ઠેકઠેકાણે હોળી મંડાતી થતી હોઈ સરકારી રાહે હોળીનો ખર્ચ આપવાની અગાઉની પરંપરા બંધ થઈ છે.

મુખ્ય હોળીનું આ જ સ્થળ કેમ તે વિશે વિચારતા જણાય છે કે હાલમાં મુખ્ય હોળી મંડાય છે તેની જમણી દિશાએ "દાઉદભાઈ પતરાવાલા શાકમાર્કેટ" અને ઉપર અર્બન બેન્ક છે તે સ્થળે આજથી ૭૦-૮૦ વર્ષ અગાઉ દાહોદ મ્યુનિસિપાલિટી હતી. અને લોકોક્તિ મુજબ અગાઉ મ્યુનિ. ચોક પાસેની આ હોળી, દાહોદની એકમાત્ર જાહેર હોળી હોઈ સહુ નગરજનો પૂજાવિધિ કાજે અહીં આવતા. તો પાલિકાના તત્કાલીન સફાઈકર્મીઓ પણ ગામનો સૂકો કચરો એકઠો કરી આ સ્થળે સળગાવતા. બાદમાં આ સ્થળે મુખ્ય હોળી તરીકે અંકિત થયા બાદમાં આ વિસ્તારમાં જેમની વસ્તીનું બાહુલ્ય છે તે દરજી સમાજના હાથમાં લગભગ આઝાદી બાદ હોળીનું સંચાલન આવ્યું. ત્યારથી વૈદિક શ્લોક-મંત્રોચ્ચારના તાલે દર વર્ષે અલગ અલગ જ્ઞાતિના પ્રમુખ-મંત્રીને તેડાવી તેમના હસ્તે આ મુખ્ય હોળીનું પ્રાગટ્ય કરાવાય છે. જે અંતર્ગત ૨૦૨૨ ના આ વર્ષે દાહોદ બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ આ મુખ્ય હોળી પ્રગટાવનાર છે. દાહોદ શહેરની ગાંધી ચોકની આ મુખ્ય હોળી આ વર્ષે તા.૧૭.૩.'૨૨, ગુરૂવારે રાત્રિના ૯:૦૮ કલાકે પ્રગટશે.

મુખ્ય હોળી પ્રગટવાનો સમય દરવખતે અલગ અલગ કેમ આવે છે તેનું જયોતિષશાસ્ત્ર મુજબ જોઈએ તો અમુક નક્ષત્રો એકઠાં થાય તેવા ટાણે ભદ્રા નામે યોગ આવે છે. અને આ ભદ્રા ન હોય તેવા સમયે હોળી પ્રગટાવાય. આ વર્ષે સાંજથી રાતના ૧.૩૦ સુધી ભદ્રા યોગ છે. પણ શાસ્ત્ર મુજબ સોમ, ગુરૂ અને શુક્રવારે ભદ્રા સામાન્ય રીતે નડતર રૂપ ન હોય એટલે ભદ્રા યોગ, તેના અંતિમ ચરણમાં હોય ત્યારે હોળી પ્રગટાવી શકાય તેવું સૂચવેલ હોઈ રાતના ૧.૩૦ બાદ પ્રગટાવવું હિતાવહ નહીં હોઈ અંતિમ ચરણમાં રાતના ૯.૦૮ કલાકે પ્રગટાવાશે.

# ગરબાડા જેસાવાડા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત : બે વ્યક્તિના મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા રોડ ઉપર આજરોજ વહેલી સવારે બે મોટરસાઈકલો સામસામે ધડાકાભેર અથડાતાં એક મહિલા સહિત બે જણાના ઘટના સ્થળ પર મોત જ્યારે એકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડ્યાંનું જાણવા મળે છે.

હોળી, ધુળેટીના તહેવારને લઈ દાહોદ જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસમાં માર્ગ અકસ્માતોના બનાવોમાં ઘરખમ વધારો નોંધાઈ રહ્યો છે. વિતેલા ચોવીસ કલાકની અંદર પાંચ થી માર્ગ અકસ્માતનો બનાવોમાં ચાર થી પાંચ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે ત્યારે વધુ એક બનાવને પગલે દાહોદ જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. આજરોજ વહેલી સવારના સમયે ગરબાડા તાલુકાના જેસાવાડા રોડ પર બે મોટરસાઈકલો સામસામે ધડાકાભેર અથડાતાં એક મહિલા સહિત બે વ્યક્તિઓના ઘટના સ્થળ પર મોત નીપજ્યાં હતાં જ્યારે એકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો પણ સ્થળ પર રવાના થઈ ગયો હતો. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના પોલીસીમળ ગામે છોકરીના નિકાલ બાબતે ઝઘડામાં મહિલાઓનું છકડામાં અપહરણ કરતા છકડો પલ્ટી જતા એક મહિલાનું મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પોલીસીમળ ગામે છોકરીના નિકાલ બાબતે થયેલ ઝગડા તકરારમાં ત્રણ જેટલા ઈસમોએ એકસંપ થઈ બે મહિલાઓના અપહરણ કરી છકડામાં બેસાડી છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જતાં ચાલકે છકડા પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં છકડો પલ્ટી ખાઈ જતાં અંદર સવાર એક મહિલાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યાંનું જ્યારે એક મહિલાને શરીરે ઈજાઓ પહોંચ્યાંનું જાણવા મળે છે.

ગત તા. ૧૬મી માર્ચના રોજ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના મહુનાળા ગામે રહેતાં ધુળીયાભાઈ માનસીંગભાઈ પસાયા, મડીયાભાઈ ધુળીયાભાઈ પસાયા અને સુનીલભાઈ ધુળીયાભાઈ પસાયા ત્રણેય જણા પોતાના કબજાનો છકડો લઈ લીમખેડા તાલુકાના પોલીસીમળે ગામે વાઘદડા ફળિયામાં રહેતાં રમસુભાઈ હુકમજીભાઈ ડામોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો મારી છોકરી અંકિતાનો નિકાલ કરેલ છે તો કેમ પૈસા આપતાં નથી અને જો પૈસા નહીં આપો તો અમો અમારી છોકરીને અમારા ઘરે લઈ જઈએ છીએ, તેમ કહી રમસુભાઈની પત્નિ રમીલાબેન અને રમસુભાઈના ભાઈની પત્નિ ધુળીબેનને ઉપરોકત ત્રણેય ઈસમોએ ખેંચતાણ કરી પોતાના કબજાના છકડામાં બળજબરી પુર્વક બેસાડી અપહરણ કરી લઈ ગયાં હતાં. રસ્તામાં છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પોલીસીમળ ગામે છકડાના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં છકડો પલ્ટી ખાઈ ગયો હતો અને જેને પગલે રમીલાબેનને શરીરે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતુ જ્યારે ધુળીબેનને શરીરે ઈજાઓ પહોંચતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે રમસુભાઈ હુમજીભાઈ ડામોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.174

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા પટેલવાડા વિસ્તારમાં પ્રગટતી કોમી એકતાની હોળી

# હિન્દુ મુસ્લિમ અને દાઉદી વ્હોરા સમાજ દ્વારા પૂજન અને પ્રદક્ષિણા કરાય છે





ગોધરા,

આજે ફાગણ સુદ પૂનમ છે ત્યારે ગામે ગામ હોળી પ્રગટાવવામાં આવે છે પરંતુ આપણે વાત કરીશું ગોધરાના પટેલવાડા વિસ્તારમાં પ્રગટતી કોમી એકતાની હોળીની.

જેમાં હિન્દુ સમાજ સહિત મુસ્લિમ અને દાઉદી વ્હોરા સમાજ દ્વારા પણ પૂજન કરી પ્રદક્ષિણા લેવામાં આવે છે.

ફાગણ સુદ પૂનમ એટલે કે હોળી. આ દિવસે તમામ ગામો અને શહેરોમાં મુખ્ય જગ્યાએ હોળી પ્રગટાવવામાં આવતી હોય છે, જેમાં નાના મોટા તમામ લોકો ભાગ લેતા હોય છે અને હોલિકા દહનનું પૂજન કરતા હોય છે, ત્યારે ગોધરા શહેરના પટેલવાડા વિસ્તારમાં પ્રગટાવાય છે એક અનોખી હોળી જેને કોમી એકતા ની હોળી પણ કહેવામાં આવે છે, જી હા ગોધરા શહેરમાં પ્રગટે છે કોમી એકતા ની હોળી. જેમાં હિન્દુ સમાજ સહિત મુસ્લિમ સમાજ અને દાઉદી વ્હોરા સમાજ દ્વારા પણ પૂજન કરવામાં આવે છે, આ હોળીની પ્રદક્ષિણા પણ તેઓ ફરે છે અને તેનો શેક લે છે, ગોધરા શહેરમાં અંદાજે છેલ્લા ૫૦ વર્ષથી આ પ્રકારની હોળી પ્રગટાવવામાં આવતી હોવાનું મનાય છે, આ ઉપરાંત મુસ્લિમ ભાઈઓ અહી વધુ ભીડ જામતી હોવાના કારણે વ્યવસ્થા જળવાઈ તે માટે ખડે પગે ઊભા પણ રહે છે, પટેલ વાડા વિસ્તારના હોળીની પ્રદક્ષિણા ફરવા આવતા દાઉદી વ્હોરા સમાજના મહિલા અને પુરૂષો જણાવે છે આ હોળીની પ્રદક્ષિણા ફરવાથી તેઓને તાવ કે અન્ય રોગો પણ થતાં નથી, આમ તેઓ આ હોળીના અનેરા મહત્ત્વ વિશે જણાવી રહ્યા છે. આમ પટેલ વાડા ની હોળી નું અનેરૂં મહત્વ રહેલું હોય છે જેને લઈને ગોધરા શહેરના નગરજનો પણ મોટી સંખ્યામાં આ હોળીની પ્રદક્ષિણા ફરવા આવે છે અને ધન્યતા અનુભવે છે. પટેલ વાડા ખાતે આજે હોળી પ્રગટાવવા પહેલા હાજર તમામ લોકોને મતદાન કરવા માટે શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા, જેમાં હાજર તમામ નાગરિકોએ મત આપવા માટેના શપથ લીધા હતા.

## હાલોલ ચોકસી બજાર ખાતે હોળી રસીયા ફાગ ઉત્સવની ઉજવણી કરાઈ



હાલોલ,

હાલોલ નગરની મધ્યમાં આવેલા ચોકસી બજાર ખાતે બુધવારે રાત્રે પૂ.પા.ગોસ્વામી ૧૦૮ પંકજકુમાર મહોદય ના સાનિધ્યમાં હોળી રસીયા ફાગ ઉત્સવની ઉજવણી શ્રી માળી સોની સમાજ અને વૈષ્ણવો દ્વારા કરવામાં આવી હતી. આ શુભ અવસરે હાલોલ પુષ્ટિમાર્ગીય મંદિરો ના કીર્તનિયા તેમજ નગરના સોની સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફાગ ઉત્સવ નો લાભ લીધો હતો. હાલોલ ના શ્રી માળી સોની સમાજ દ્વવારા ગત રોજ ફાગ ઉત્સવ હોળી રસિયા નું આયોજન હાલોલ ચોક્સી બજારમાં કરવામાં આવ્યું હતું, આ શુભ અવસરે પંકજકુમાર મહોદયશ્રી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નગરના મંદિરોના કીર્તન કારો દ્વારા હોળી રસીયાનો ગાન કરવામાં આવ્યું હતું. જેને લઈ આ શુભ અવસર જાણે ગોકુળ, મથુરા, વૃંદાવન બરસાના વ્રજમાં ફાગ ઉત્સવ થઈ રહ્યો હોય તેઓ માહોલ સર્જાયો હતો. મહારાજશ્રી ની ઉપસ્થિતિમાં કીર્તન કરો સંગીતમય વ્રજની ભાષામાં રસીયાનું ગાન કરતા ઉપસ્થિત સૌ શ્રી માળી સોની સમાજ તેમજ વૈષ્ણવો ઝૂમી ઉઠ્યા હતા. અને સૌને અબીલ, ગુલાબી શેડો તથા ગુલાબના પુષ્પોથી રંગ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ઠાકોરજીને તથા સર્વે વૈષ્ણવોને પુષ્કળ ગુલાબ ના ફૂલોથી હોળી ખેલવામાં આવી હતી. રાત્રિના નવ કલાકથી શરૂ થયેલ ફાગ ઉત્સવ મોડી રાત સુધી ચાલુ હતો. સૌ લોકોએ રસીયાની સાથે શ્રી ઠાકોરજી સાથે ડોર ઉત્સવ રમતા હોય તેઓ ભાવ કરવામાં આવ્યો હતો.

## ગોધરામાં જુના ભાડુઆત સામે નોંધાયેલ લેન્ડગ્રેબિંગની ફરિયાદ રદ્દ કરાઈ

ગોધરા,

રાજય સરકાર દ્વારા સરકારી જમીનોમાં અને ગેરકાયદેસર મિલ્કતોમાં પ્રવેશ અને દબાણ કરનારાઓ સામે લેન્ડગ્રેબિંગના કાયદાનો અમલ મુકેલ છે. પરંતુ ગોધરા શહેરના એક ઈસમ દ્વારા વર્ષો જુના કાયદેસરના ભાડુઆત અને કબ્જો ભોગવટો ધારણ કરતા અને મિલ્કત વેચનારે મુળ માલિક અન મિલ્કતોમાં કાયદેસરના ભાડુઆત છે. તેમ જણાવેલ હોવા છતાં આ ઈસમે મિલ્કત આપનાર સાથે વિશ્વાસઘાત કરી જુના કાયદેસરના ભાડુઆતો સામે લેન્ડગ્રેબિંગ આક્ષેપો કર્યા હતા.

ઉલ્લેખનિય છે કે, આ મિલકતનુ ખરીદ–વેચાણ થયુ તે પહેલા દસ્તાવેજના સમયે અને આજની તારીખે પણ ભાડુઆતનો કબ્જો ભોગવટો હતો. અને મિલ્કત દસ્તાવેજના વર્ણનમાં દુકાનદાર વેપાર–ધંધો કરતા અને રહિશોનુ ઘરમાં રહેઠાણ જોઈ શકાય છે તેમ છતાં જિલ્લા સમહર્તાને ગેરમાર્ગે દોરી જમીન પચાવી પાડવા અંગેની અરજી કરેલ હતી જે અરજી બાબતે કલેકટર પંચમહાલ દ્વારા આ કામે ના.કલેકટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર પંચમહાલ ગોધરાને તપાસ સોંપવામાં આવેલ અને તેઓ દ્વારા તપાસ અહેવાલ રજુ થયેલ. સુનાવણી દરમિયાન આધાર–પુરાવા અને મુળ મકાન માલિકના લેખિત નિવેદન ધ્યાને લઈ અરજી દફતરે કરી છે. આ અરજીમાં અરજદાર દ્વારા ગોધરા સિંધી સમાજના અગ્રણી ૮૦ વર્ષના વયોવૃદ્ધ કે જેઓ પોતાના પુત્રની સાથે શહેરા ભાગોળમાં ૪૦ વર્ષથી વધુ સમયથી અનાજ–કિરાણાની દુકાન ચલાવે છે. અને ૨૦ વર્ષથી ભાડે રહેતા ૬૫ વર્ષના ભારતીય પોસ્ટના નિવૃત્ત કર્મચારી અને નિવૃત્ત પોસ્ટમેન અને અન્ય એક વ્યકિત સામે પોતાની મિલ્કતમા ગેરકાયદેસર ઘુસીને કબ્જો કરી દીધો છે. લાઈટ બિલ હું ભરૂ છુ તેઓ ભરતા નથી તેવા પાયાવિહોણા અને મનસ્વી નિવેદનો રજુ કરી લેન્ડગ્રેબિંગની ફરિયાદ કરવામાં આવી હતી. જે અરજી કાયદાને સુસંગત ન હોઈ રદ્દ કરવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

## ગોધરા પાલિકા કચેરીની જમીન મુદ્દે ટ્રસ્ટના માલિકી દાવા સામે હાઈકોર્ટનો સ્ટે

ગોધરા,

ગોધરા નગરપાલિકા કચેરી અને આજુબાજુની મિલ્કતો વાળી જમીન ગુજરાત વકફ બોર્ડ દ્વારા પીરાને પીર છીલ્લા ટ્રસ્ટને નામે કરવાના હુકમને ગોધરા નગરપાલિકાએ હાઈકોર્ટમાં પડકારતા બુધવારે થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અગાઉની સુનાવણી સુધી સ્ટે આપ્યો છે.

વર્ષ–૨૦૨૦ના સમયગાળા દરમિયાન ગોધરા નગરપાલિકા અને આજુબાજુ આવેલી પાલિકા હસ્તકની જમીન ગોધરા સ્થિત પીરાને પીર છીલ્લા ટ્રસ્ટની માલિકીની હોવા અંગે વકફ બોર્ડના અધિક કલેકટર દ્વારા નામે કરવા કાર્યવાહી કરવા અંગેનો હુકમ કર્યો હતો જે આધારે સિટી સર્વે સુપ્રિટેન્ડ ગોધરા ટ્રસ્ટના નામે જમીન કરવા જોગવાઈ મુજબ પાલિકાને નોટિસ પાઠવવામાં આવતા જ તંત્ર એકશનમાં આવી ગયુ હતુ આ મુદ્દે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીએ પાલિકા પ્રમુખના માધ્યમથી વકફ બોર્ડની કાર્યશૈલી સાથે જમીન હડફ કરવાનુ કૌભાંડ હોવાનો આક્ષેપ કરતી રજુઆત સરકારમાં કરી વાંધો રજુ કરાવ્યો હતો. આ સાથે ૯૦ વર્ષથી જમીન પાલિકાની માલિકીની હોવાનો પુરાવો હોવાનુ જણાવી યોગ્ય તપાસ કરવા માંગણી કરી હતી. આ ઉપરાંત આ જ મુદ્દે ગોધરા નગરપાલિકાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી જે અંગેની બુધવારે યોજાયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આગામી સુનાવણી સુધી સ્ટે આપતા જ પાલિકા માટે રાહત થઈ છે.

## પંચમહાલમાં ૭૦ હજાર બાળકોને કોરોનાની સ્વદેશી રસી આપવાનો પ્રારંભ



- અભ્યાસ કરતા ૫૭ હજાર અને ઘરે રહેતા ૧૩ હજાર બાળકોને રસી મૂકાશે.
- પંચમહાલમાં ૧૫થી ૧૭ વર્ષની વયજૂથમાં બીજો ડોઝનું રસીકરણ ૯૧ ટકા થયું.

ગોધરા,

કોરોનાની સામે રક્ષણ આપતી કોરોની રસી કારગત નિવડી છે. હાલ કોરોનાની ત્રીજી લહેર નબળી પડી રહી છે. ત્યારે આરોગ્ય વિભાગે પંચમહાલ જિલ્લામાં ૧૫ થી ૧૭ વર્ષના વિદ્યાર્થીઓને કોરોનાની રસી આપવાના અભિયાન બાદ બુધવાર થી ૧૨ થી ૧૪ વર્ષના બાળકોને કોરોનાની સ્વદેશી કોર્બેવેક્સ વેક્સિનનો ડોઝ આપવાનો પ્રારંભ કર્યો છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાની શાળા તેમાં ૧૨થી ૧૪ વર્ષના ૫૭૧૬૪ બાળકો અને અભ્યાસ કરતા ન હોય તેવા ૧૩ હજાર બાળકો મળીને જિલ્લામાં ૭૦ હજાર બાળકોને સ્વદેશી કોર્બવેક્સ વેક્સીન નો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાની શાળાએમાં ૧૨ થી ૧૪ વર્ષના ૫૭૧૬૪ બાળકો અને અભ્યાસ કરતા ન હોય તેવા ૧૩ હજાર બાળકો મળીને જિલ્લામાં ૭૦ હજાર બાળકોને સ્વદેશી કોર્બવેક્સ વેક્સીનનો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવી છે.

પ્રથમ દિવસે જિલ્લાની શાળાોમાં ૧૨ થી ૧૪ વર્ષના ૪૬૦૩ બાળકોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાયો હતો. સ્વદેશી કોર્બવેક્સ વેક્સિનના પ્રથમ ડોઝના રસીકરણ બાદ ૨૮ દિવસ બાદ રસીનો બીજો ડોઝ પશે. જિલ્લામાં ૭૦ હજાર જેટલા બાળકોને વેકિસન આપવા આરોગ્ય વીભાગની ટીમો જિલ્લાની શાળામાં વેક્સિન અભીયાન શરૂ કર્યું હતું. પ્રથમ દિવસે શાળાઓમાં આરોગ્યની ટીમ દ્વારા ૪૬૦૩ બાળકોને કોરોનાની વેક્સિનનો ડોઝ આપ્યો હતો. રસી લેતી વખતે બાળકોમાં ગભરાયા વગર રસી લીધી હતી.રસી લેતી વખતે બાળકોના મુખ કોરોનાથી સુરક્ષી થયાની ખુશી દેખાતી હતી.

જિલ્લામાં ૧૫ થી ૧૭ વર્ષના વિદ્યાર્થીઓનું પ્રથમ ડોઝનું ૯૬.૯૯ ટકા વેક્સીનેશન અને બીજા ડોઝનું ૯૧.૧૪ ટકા રસીકરણ થયું છે. જયારે જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના વ્યક્તિોનું પ્રથમ ડોઝનું ૧૦૪.૫૫ ટકા અને બીજા ડોઝનું ૧૦૧.૧૯ ટકા રસીકરણ કરીને આરોગ્ય વિભાગે સિધ્ધી હાસિલ કરી છે. ૬૦ વર્ષથી ઉપરના સિનીયર સીટીઝનના બુસ્ટર ડોઝના ૧.૮૬ લાખના ટાર્ગેટ સામે ૫૦ હજારને રસી મુકીને ૨૬.૮૭ ટકા સુધીનો રસીકરણનો આંકડો પહોંચ્યો છે.

## ગોધરા લો કોલેજ ની વિદ્યાર્થીનીઓ દ્વારા લીગલ લીટરસી કેમ્પ યોજાયો




ગોધરા,

દેશ ના દરેક વ્યક્તિ દેશ નો કાયદો જાણે તે દરેક વ્યક્તિ માટે હિતાવહ છે, તેવા ઉદ્દેશ્ય ને લક્ષ્ય બનાવી ગોધરા શહેર ની લો કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા નવરચના શાળા ખાતે લીગલ લીટરસી કેમ્પનું આયોજન કર્યું. લો કોલેજ ના આચાર્ય ડો.અપૂર્વ પાઠક ના મારગદર્શન અનુસાર ડો.સતીષ નાગર, ડો.અમિત મહેતા ને સાથે રાખી શાળા માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને બાળ અધિકારો, મહિલાઓ ના વિશેષ અધિકારો, સ્ત્રી રક્ષણ અધિકારો, તેમજ અગત્ય ના હેલ્પ લાઈન નંબર જેમાં ૧૦૮,૧૦૦,૧૮૧, ૧૦૯૮ વિશે માહિતગાર કર્યા હતા. કેમ્પ ને સફળ બનાવવા માટે વૈશાલી કોન્ટ્રાક્ટર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. જેમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ એ કાયદા વિશે માહિતી મેળવી હતી.

## પંચમહાલ જીલ્લામાં કેસુડાના ફુલોના વેચાણની વ્યવસ્થા ઉભી કરાવાઈ




ગોધરા,

ફાગણ માસમાં પંચમહાલ જીલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં ઠેરઠેર કેસુડાના ખરેલા ફૂલોથી ધરતી છવાયેલી રહે છે. જે ફૂલો થોડા દિવસોમાં બગડી જતા હોય છે. જ્યારે કેસુડાના ફૂલમાં રહેલા તત્વો ચામડી સબંધીત રોગો તેમજ ત્વચાને સ્વચ્છ રાખવા ઘણા ઉપયોગી છે. તેથી જ અનાદીકાળથી કેસુડાના ફૂલો અને તેમાંથી બનાવેલા રંગોથી હોળી/ધુળેટી ઉજવવાની પરંપરા રહેલી છે. ત્યારે હોળીના તહેવાર ટાણે બજારમાં તેની સારી માંગ રહે છે. તેના પાનનો ઉપયોગ દશકા પહેલા જમવા માટેના પડીયા પતરાળા બનાવવામાં થતો હતો. કેસુડાનુ મુલ્યવર્ધન કરીને ઘણી કંપનીઓ તેમાથી સૌંદર્ય પ્રસાધન ઔષધિઓ બનાવતી હોવાથી કેસુડાના ફૂલોનું સારૂ બજારૂ ઉપલબ્ધ છે. તે હેતુથી આજના હોળીના દિવસે અત્રેના પંચમહાલ જીલ્લામાં આત્મા પ્રોજેક્ટમાં જોડાવેલ ગોધરા તાલુકાના કાશીપુરા ગામના છેલીયાભાઈ આપસીંગભાઈ રાઠવા દ્વારા કેસુડાના ફૂલોની વેચાણ વ્યવસ્થા અર્થે કલેક્ટર કચેરી, ગોધરાના પ્રવેશદ્વાર ખાતે આત્મા પ્રોજેક્ટના સહયોગથી સ્ટોલ ગોઠવી વ્યવસ્થા પુરી પાડવામાં આવેલ હતી. સાથેસાથે દેશી ગાય આધારીત પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદીત કરેલ ખાટી આમલી તેમજ હળદર પાવડર પણ વેચાણને અર્થે મુકવામાં આવેલ. જેનો સારો એવો પ્રતિસાદ મળેલ છે.

વધુમાં જણાવવાનું કે માન. ચેરમેન–વ–જીલ્લા વિકાસ અધિકારી આત્મા પ્રોજેક્ટ, પંચમહાલના માર્ગદર્શન હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી આ રીતે કેસુડાના વેચાણ થકી ખેડુતોને વધારાની આવક મળી રહે તે હેતુસર આત્મા પ્રોજેક્ટના સહયોગથી સ્ટોલ ગોઠવી બજાર વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.

## હોળી-ધુળેટી જાહેરનામું: જાહેર રસ્તા પર લોકો પર રંગ નાંખ્યો તો સજા થશે



અમદાવાદ,

ધુળેટીના તહેવારને લઈ અમદાવાદ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પરિમલ બી પંડ્યાએ જાહેરનામું બહાર પાડ્યું છે. સામાન્ય સંજોગોમાં હોળી ધુળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રીત થતા હોય છે. તહેવારોની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા-જતા રાહદારીઓ તથા વાહનોમાં આવતા જતા લોકો પાસેથી હોળી-ધુળેટીના પૈસા ઉઘરાવવા, તેઓ ઉપર રંગ, રંગ મિશ્રિત પાણી, કાદવ અથવા તૈલી વસ્તુઓ ફેંકવાની શક્યતાઓ છે. આવા કૃત્યોથી જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા તો જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતા નકારી શકાય નહિ. જેથી આવા કૃત્યો પર પ્રતિબંધ મુકવો મુકવામાં આવ્યો છે

અમદાવાદ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ પરિમલ પંડ્યાએ જણાવ્યું છે કે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ૨૧ માર્ચ ૨૦૨૨ના રાતના ૧૨ વાગ્યા સુધી કોઈપણ વ્યક્તિએ જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો વાહનો ઉપર અથવા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી અથવા તૈલી તથા આવી બીજી કોઈ વસ્તુઓ નાંખવી કે નખાવવી નહિ અથવા હોળી-ધુળેટીના પૈસા ઉઘરાવવા નહિ અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહિ.અને પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હદ સિવાયનો સમગ્ર અમદાવાદ જીલ્લાનો મહેસુલી વિસ્તાર આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૧૩૧ અને ભારતીય ફોજદારી અધિનિયમ - ૧૮૬૦ ની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.